કચ્છીઓનું કચ્છ માટે પ્રગટ થતું પોતાનું દૈનિક

વાવડ

RNI No. 27550/74 BHUJ

તંત્રી : રામ કરશનદાસ ઠક્કર ★ કાર્યકારી તંત્રી દર્શનકુમાર આર. ઠક્કર

www.vavaddaily.com

51 YEARS ANNIVERSARY

E-mail : vavaddaily@gmail.com

page 4 Ratail price Rs. 0.60, Annual subscription Rs. 150, Year : 51 , Mo. 98797 65225, Reg. NO. G-KCH-018/2024/26 શનિવાર SATURDAY 14-06-2025 Issue 226

Printer, Publisher & Owned by RAM KARSHANDAS THACKER, Printed at JAHNAVI Offset, 105/B, Lotus colony BHUJ-KUTCH 370001. Publish at VAVAD, 'AKSHARDHAM' 104/A, Lotus colony BHUJ-KUTCH, Editor RAM KARSHANDAS THACKER , PRB એકટ હેઠળ પ્રકાશન માટે જવાબદાર

વચનામૃત

ભગવાનના ભક્ત ત્યાગી તેને તો પરમેશ્વરના નિયમમાં રહીને પ્રવૃત્તિમાર્ગને વિષે રહેવું પણ પરમેશ્વરના નિયમથી અધિકપણે વર્તવું નહિ ને ન્યૂનપણે રહેવું નહિ. અને કામ, ક્રોધ, લોભ, મોહ, આશા, તૃષ્ણા, સ્વાદ એ આદિક જે વિકાર તેનો ત્યાગ કરીને ભગવાન ને ભગવાનના ભક્તની સેવાને અર્થે પ્રવૃત્તિમાર્ગને વિષે વર્તવું તો એને કોઈ જાતનું બંધન થાય નહિ. અને કેવળ આત્મનિષ્ઠાવાળો જે ત્યાગી તે કરતાં આ ત્યાગી તો અતિશે શ્રેષ્ઠ છે ને ભગવાનની કૃપાનું પાત્ર છે. (વ.॥૧૭॥ ૨૧૭)

તંત્રી સ્થાનેથી... સાવધાન

ઈઝરાયલી હુમલાથી ટ્રમ્પ ખરેખર અસહમત કે બન્નેની સાંગામલમારી ?

@ રામ કરશનદાસ ઠક્કર

આખરે ઈઝરાયલે ઈરાનના આણ્વિક ક્ષેત્ર અને સૈન્ય ઠેકાણાઓ પર હુમલો બોલી જ દીધો. અમરિકાએ ઈઝરાયલને હુમલા નહીં કરવા ચેતવણી આપી હતી, છતાં ઈઝરાયલે હુમલો કર્યો છતાં અમેરિકા તેનાથી નારાજ નથી થયું તે બતાવે છે કે તેમના વચ્ચે કદાચ સાંગામલમારી ચાલી રહી છે. મતલબ આ હુમલા પાછળ અમેરિકાનો જ દોરીસંચાર હોઈ શકે છે. કેમ કે અમેરિકાની કોઈ નાફરમાની કરે તે અમેરિકાને કદી ગોઠતું નથી. પરંતુ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે ઈરાનને 'સોદો કરવા' વિનંતી કરી, (જે વાસ્તવમાં તાકીદ જેવી હતી) અને ચેતવણી આપી હતી કે ઈઝરાયલ દ્વારા ઈરાની પરમાણુ સુવિધાઓ પર ઘાતક હુમલાઓ કર્યા બાદ વધુ 'મૃત્યુ અને વિનાશ' થશે. આ તાકીદ અમેરિકાએ કરી અને કેવો વિનાશ થશે તનો સંકેત ઈઝરાયલે આપી દીધો છે.

એક બાજુ ટ્રમ્પે તેમના ટ્રુથ સોશિયલ પ્લેટફોર્મ પર કહ્યું હતું કે, 'પહેલેથી જ મોટા પ્રમાણમાં મૃત્યુ અને વિનાશ થઈ ચૂક્યો છે, પરંતુ હજુ પણ સમય છે કે આ હત્યાકાંડનો અંત આવે, આગામી પહેલાથી જ આયોજિત હુમલાઓ વધુ ક્રૂર હશે.' તો બીજી બાજુ ઈઝરાયલી હુમલા પછી અમેરિકન અધિકારીઓએ નામ નહીં આપવાની શરતે કહ્યું છે કે, ઈઝરાયલે ઈરાન પર જે હુમલા કર્યા છે, તેમાં અમેરિકાની કોઈ મદદ કે સંડોવણી નહોતી.

આ પહેલાં ઈરાનને અમેરિકાએ ચેતવણીના સૂરમાં કહ્યું હતું કે, 'ઈરાને કંઈ બાકી ન રહે તે પહેલાં સોદો કરવો જ જોઈએ. બસ, મોડું થાય તે પહેલાં તે કરો.' ટ્રમ્પનું કહેવું હતું કે, તેહરાન 'પરમાણુ બોમ્બ ધરાવી શકે નહીં' ટ્રમ્પે રાજદ્વારી વાટાઘાટોમાં પાછા ફરવાની આશા વ્યક્ત કરી હતી.

આ ટિપ્પણીઓ પછી ઈઝરાયલ દ્વારા રાત્રિના સમયે ઈરાનના પરમાણુ અને લશ્કરી સુવિધાઓ સહિત ૧૦૦ સ્થળોને નિશાન બનાવતા હુમલાના વ્યાપક ઓપરેશન બાદ કરવામાં આવી હતી. ઈઝરાયલી વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ નાતાન્ઝ પરમાણુ સુવિધા પર થયેલા હુમલાની પુષ્ટિ કરી હતી.

ઈરાની મીડિયાએ જણાવ્યા પ્રમાણે રિવોલ્યુશનરી ગાર્ડ્સના નેતા હુસૈન સલામી અને સશસ્ત્ર દળોના ચીફ ઓફ સ્ટાફ મોહમ્મદ બઘેરી સહિત મુખ્ય લશ્કરી વ્યક્તિઓના મૃત્યુના અહેવાલ આપ્યા છે. ઈરાન આ હુમલા સહન કરી શકશે નહીં. આ હુમલાઓનો જવાબ આપતાં, ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામેનીએ ઈઝરાયલી કાર્યવાહીને 'શેતાની, લોહીથી રંગાયેલા હાથો' દ્વારા કરવામાં આવેલ 'ગુના' તરીકે વખોડી કાઢી છે. તેમણે ચેતવણી આપી કે ઈઝરાયલે 'કઠોર સજા'ની ખમવાની તૈયારી રાખવી જોઈએ અને "ઈસ્લામિક રિપબ્લિકન સશસ્ત્ર દળોનો શક્તિશાળી હાથ તેમને સજા વિના છોડશે નહીં.' જો કે ઈરાને આ પહેલાના ઈઝરાયલી હુમલાના આવા જ પ્રત્યાઘાત આપ્યા છે અને પછી એકાદ હુમલો કરીને સંતોષ માન્યો છે. વાસ્તવમાં આજે કોઈને યુદ્ધ જોઈતું કે પોષાતું નથી, પણ ઈઝરાયલ એક ઝનૂની દેશ છે. તેનો યુદ્ધ ઉન્માદ ઠંડો પડતો જ નથી. આમ તો અમેરિકા તેનું સાથી છે, પણ અમેરિકા માત્ર પોતાના હિતોને જુએ છે અને તે માટે તે કોઈ પણ હદે જઈ શકે છે. ઈઝરાયલને હુમલા નહીં કરવા પણ તે કહી શકે છે અને તે છતાં ઈઝરાયલ હુમલા કરે તો તે એમ પણ કહી શકે છે કે અમને આ હુમલાઓથી કંઈ લાગતુંવળગતું નથી. તે પણ યુદ્ધથી દુર રહેવા માગે છે કે કેમ તે ચોક્કસ કહી શકાય નહીં પણ એટલું ચોક્કસ છે કે તે જાતે યુદ્ધ કરવાને બદલે બીજા દેશોને યુદ્ધના રવાડે ચડાવીને પોતાના હથિયારો વેચવામાં વધુ રસ ધરાવે છે. પણ ઈરાનની વાત ઈરાકની જેમ જ જુદી છે. ઈરાક અણુ શસ્ત્રો બનાવે છે એવી શંકા માત્રથી અમેરિકાએ તેને ખેદાનમેદાન કરી નાખ્યું હતું અને તે પછી પણ ઈરાક અણુશસ્ત્રો બનાવે છે તેવા કોઈ પુરાવા તેને મળ્યા નહોતા. હવે તે ઈરાનની પાછળ પડ્યું છે. ઈરાન તો હવે દાવા કરવા લાગ્યું છે કે, થોડા દિવસોમાં તે ૧૫ અણુશસ્ત્ર બનાવી શકવાની ક્ષમતા સુધી પહોચી ગયું છે અને એ માટે તેની પાસે પર્યાપ્ત યુરેનિયમ ઉપલબ્ધ છે. એ સ્થિતિમાં અમેરિકા કેવી રીતે શાંત રહી શકશે ? જો કે તેને એ ડર હોઈ શકે છે કે, ઈરાન જે દાવો કરે છે તેથી વિપરિત તેની પાસે અણુશહસ્ત્ર બની ગયું હશે તો તે અમેરિકાને અચાનક ન વારી શકાય તેવું નુકશાન કરી બેસી શકે છે. જો કે જે દેશો સમજદાર છે તેઓ અણુ શસ્ત્રો વાપરવાની પહેલ કરવાની હિમત નહીં કરે. પણ મરતો શું ન કરે ? આ ભય પણ રહે જ છે.

દરમિયાન ઈઝરાયલી હુમલા પછી ઘવાયેલું ઈરાન કેવું હિંસક બને છે, તે જોવાનું રહે છે. આ પહલાં તેણે બદલાની સામાન્ય કાર્યવાહી કરીને 'હાંઉ' કરી લીધું છે. પણ ઈઝરાયલના હુમલા તો હવે રોજના થવા લાગ્યા છે. ઈરાન કેટલો સમય તે સહન કરશે ? જો તે અગાઉ કરતાં આકરી વળતી કાર્યવાહી કરશે તો યુદ્ધ વકરશે અને તેના છાંટા આખી દુનિયા પર ઉડશે. ભારત પણ તેનાથી અછૂતું નહીં રહે. દારૂગળાના વપરાશના કારણે વિશ્વનું પર્યાવરણ પણ બગડશે. જો ઈરાન પ્રતિશોધની શક્યતા માટે તૈયાર છે, ત્યારે વૈશ્વિક શક્તિઓ નજીકથી નજર રાખી રહી છે, વધતા જતા અસ્થિર મધ્ય પૂર્વમાં તમામ આકસ્મિક પરિસ્થિતિઓ માટે તૈયારી કરતી વખતે સંયમ રાખવાની જરૂર છે. જોકે, ટ્રમ્પે કહ્યું હતું કે 'ઈરાન પરમાણુ બોમ્બ રાખી શકે નહીં' અને અમેરિકા વાટાઘાટોના ટેબલ પર પાછા ફરવાની આશા રાખે છે. તેમણે ઈરાનની બદલો લેવાની સ્થિતિમાં પોતાનો અને ઈઝરાયલનો બચાવ કરવા માટે અમેરિકાની તૈયારી પર પણ ભાર મૂક્યો હતો. ટ્રમ્પ વહીવટીતંત્રે હુમલાઓ પહેલાં મધ્ય પૂર્વના એક મુખ્ય સાથીને જાણ કરી હોવાના અહેવાલ પણ છે, પરંતુ તે સાથે તેણે પુનરોચ્ચાર કર્યો છે કે અમેરિકા સીધી રીતે સંડોવાયેલું નથી. સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયોએ આ વલણનો પડઘો પાડતા કહ્યું, 'અમે ઈરાન સામેના હુમલામાં સામેલ નથી અને અમારી ટોચની પ્રાથમિકતા આ ક્ષેત્રમાં અમેરિકન દળોનું રક્ષણ કરવાની છે.' તે સાથે અમેરિકાએ 'ઈરાનને યુએસ હિતો અથવા કર્મચારીઓને નિશાન બનાવવા સામે કડક ચેતવણી આપી છે. દરમિયાન બ્રિટને પણ પોતાને ઈઝરાયલી હુમલાથી દૂર રાખવાની જાહેરાત કરી છે. પણ આ તો રાજનીતિ છે. રાજનીતિમાં કોઈ પણ સ્થિતિ કે વચનો કાયમ નથી રહેતા. સમય પ્રમાણે તેમાં બદલાવ થતા રહે છે. આવા આંતરરાષ્ટ્રીય વચનોનું મહત્વ કોઈ પણ આંતરરાષ્ટ્રીય કરારો જેટલું છે. જ્યાં સુધી તેને સંબંધિત પક્ષો માને ત્યાં સુધી જ તેનું મહત્વ છે. રાજનીતિમાં અભી બોલા અભી ફોક એ સામાન્ય બાબત છે.

ઈઝરાયલ પર ઈરાનની જવાબી કાર્યવાહી : મિસાઈલ હુમલા શરૂ કરાયા

ઈઝરાયલ-ઈરાન વચ્ચે ભીષણ યુદ્ધ : આખી રાત મચી તબાહી

ઈઝરાયેલના ૨૦૦ ફાઈટર જેટ્સે ઈરાનમાં ૬ સ્થળે હુમલા કર્યા, ૬ પરમાણુ વિજ્ઞાની અને સૈન્યનાં ટોચના અધિકારીઓનાં મોત: ૩૨૯ ઘાયલ : ઈઝરાયેલના વડાપ્રધાન નેતન્યાહૂએ હુમલા બાદ ટ્રમ્પ અને પુતિન પહેલાં મોદી સાથે વાત કરી : ઈરાનને પરમાણુ શસ્ત્રો બનાવતું રોકવા પગલું



નવી દિલ્હી તા. ૧૪

ઈઝરાયલે શુક્રવારે (૧૩મી જૂન) ઈરાન પર એક પછી એક તાબડતોબ હુમલાઓ શરૂ કર્યા. તેના જવાબમાં ઈરાને શનિવારે (૧૪મી જૂન) સવારે ઈઝરાયલ પર મિસાઈલ હુમલાઓ શરૂ કર્યા છે. જેમાં ઈઝરાયલના ઉત્તરીય ક્ષેત્રને નિશાન બનાવવામાં આવ્યા છે. આ હુમલાથી ઉત્તરી ઈઝરાયલમાં સાઈરન વાગવા લાગ્યા છે અને લોકોને બંકરોમાં આશ્રય લેવાની અપીલ કરી છે.

અહેવાલો અનુસાર,મિડિલ ઈસ્ટથી ઘણા વીડિયો સામે આવ્યા છે, જેમાં જોઈ શકાય છે કે ઈઝરાયલના ઘણા મોટા શહેરોને નિશાન બનાવીને મિસાઈલ હુમલા કરવામાં આવ્યા છે. ઈરાનના હુમલા બાદ ઈઝરાયલી સેનાએ કહ્યું, 'છેલ્લા એક કલાકમાં, ઈરાને ઈઝરાયલ પર ડઝનબંધ મિસાઈલો છોડી છે, જેમાંથી કેટલીકને અટકાવવામાં આવી છે.' ઈરાને ઈઝરાયલના તેલ અવીવ અને જેરુસલેમ પર હુમલો કર્યો છે. અગાઉ ઈઝરાયલે ઈરાન પર હુમલો કર્યો હતો અને ઘણાં ટોચના ઈરાની અધિકારીઓના મોત થયા હતા.ઈરાને તેલ અવીવમાં ઈઝરાયલી રક્ષા મુખ્યાલય પર હુમલો કર્યો હતો, જેને આયર્ન ડોમ એર ડિફેન્સ સિસ્ટમ પણ રોકવામાં નિષ્ફળ ગઈ છે. ૨૪ કલાકની અંદર ઈઝરાયલી હવાઈ હુમલા બાદ ઈરાને બદલો લીધો છે.ઉલ્લેખનીય છે કે, ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ ઈરાન સામે ઓપરેશન રાઈઝિંગ શરૂ કર્યું છે. તેમણે ઈરાનને ચેતવણી આપતા કહ્યું કે, 'આ તો માત્ર શરૂઆત છે. વધુ તબાહી હજુ થવાનો છે. કોઈને પણ બક્ષવામાં આવશે નહીં. અમારો ઉદ્દેશ્ય ઈરાન દ્વારા ઈઝરાયલના અસ્તિત્વ માટે ઊભા થયેલા ખતરાને ખતમ કરવાનો છે.'ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ કહ્યું કે, 'ઈરાનનું બર્બર શાસન દાયકાઓથી ખુલ્લેઆમ ઈઝરાયલને ખતમ કરવાની ધમકી આપી રહ્યું છે. હાલ અમને ગુપ્ત માહિતી મળી છે કે ઈરાન પરમાણુ હથિયાર મેળવવાની નજીક છે. તેણે નવ પરમાણુ બોમ્બ બનાવવા માટે પૂરતું યુરેનિયમ મેળવ્યું છે. આ ફક્ત ઈઝરાયલ માટે જ નહીં પરંતુ સમગ્ર વિશ્વ માટે એક ગંભીર ખતરો છે. અમે ઈરાનને પરમાણુ હથિયાર વિકસાવવાની મંજૂરી આપી શકતા નથી કારણ કે તે અમારા દેશ અને બાળકોના ભવિષ્ય માટે ખતરો છે.'



ગંગાનગરમાં વિક્રમી ૪૯.૪ ડિગ્રી ગરમીથી ત્રાહિમામ

જયપુર તા. ૧૪

સમગ્ર ઉત્તર ભારતમાં ભીષણ ગરમી અને લૂને લીધે જનજીવન પ્રભાવિત થયું છે. રાજસ્થાન, હરિયાણા, દિલ્હી, ઉત્તરપ્રદેશ અને બિહાર સુધી જેઠ મહિનાની ગરમીને લીધે લોકો ત્રાહિમામ્ પોકારી ઉઠ્યા છે. આ દરમિયાન શુક્રવારે ગરમીનો નવો રેકોર્ડ નોંધાયો છે. શુક્રવારે રાજસ્થાનમાં તાપમાનનો પારો ૪૯.૪ ડિગ્રી સેલ્સિયસથી ઉપર પહોંચી ગયો. જે આ મોસમનું સૌથી ઊંચું તાપમાન છે. હવામાન વિભાગ મુજબ શુક્રવારે રાજસ્થાનના ગંગાનગરમાં તાપમાન ૪૯.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે એક રેકોર્ડ છે. ઉચ્ચતમ તાપમાન સામાન્ય કરતા ૭.૯ ડિગ્રી વધુ ૪૯.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું. શહેરમાં ૧૪મી જૂન ૧૯૩૪એ ઉચ્ચતમ તાપમાન ૫૦ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

ઈરાન-ઈઝરાયેલ વચ્ચેના યુદ્ધના કારણે ભારતમાં પેટ્રોલની કિંમતો વધી શકે!

રોકાણકારો સુરક્ષિત રોકાણની શોધમાં શેરબજારમાંથી પોતાના પૈસા કાઢી રહ્યા છે

નવી દિલ્હી તા. ૧૪

ઈઝરાયેલે ઈરાનના કેટલાક પરમાણુ સ્થળો પર હુમલા કર્યા છે. આ હુમલાથી આખી દુનિયાના માર્કેટમાં હડકંપ મચી ગયો છે. ભારત સહિત દુનિયાભરના શેરબજારોમાં તેની નકારાત્મક અસર પડી છે અને શેરબજાર તૂટ્યું પણ છે. રોકાણકારો સુરક્ષિત રોકાણની શોધમાં પોતાના પૈસા કાઢી રહ્યા છે.

આ હુમલાની સીધી અસરના ભાગરૂપે ફરી એક વાર સોનામાં અને ડોલરમાં ઝડપી રોકાણ થઈ શકે છે. ભારતમાં ઈઝરાયેલ-ઈરાન યુદ્ધને લીધે પેટ્રોલના ભાવો પણ વધી શકે છે. જો આવું થાય છે તો તેની સીધી અસર ચીજવસ્તુઓને લાવવા-લઈ જવા પર પડશે અને તેની અસર જરુરી ચીજવસ્તુઓની કિંમતોમાં પણ વૃદ્ધિ થવાની શક્યતા છે. હજુ એક દિવસ પહેલા સામાન્ય ભારતીય ગ્રાહકોમાં આનંદ પ્રસરી ગયો હતો કે મોંઘવારી દર કેટલાક વર્ષોમાં સૌથી નીચલા સ્તરે ૨.૮૨ ટકા પર આવી ગઈ હતી.

રિઝર્વ બેંકે પણ મોંઘવારી નિયંત્રણમાં હોવાનું જોઈને રેપો રેટમાં ઘટાડોની જાહેરાત કરી હતી. પરંતુ આ દરમિયાન અચાનક ઈઝરાયેલે ઈરાન પર હુમલો કરીને મામલાને નવી દિશા તરફ વાળી દીધો છે. ઈરાન વિશ્વનું ત્રીજી નંબરનો સૌથી મોટો તેલ ઉત્પાદક દેશ છે. આ હુમલા પછી બ્રેન્ટ ક્રૂડ ઓઈલના ભાવ ૮.૮૪ ટકાથી વધીને ૭૫.૪૯ ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચી ગયા છે. ઈરાન પણ હુમલા પછી ચૂપ રહેશે નહીં. એ પણ ઈઝરાયેલને વળતો જવાબ આપશે. ઈરાન-ઈઝરાયેલે યુદ્ધમાં ઈરાનના તેલ કુવાઓને પણ નુકસાન પહોંચાડ્યું હોવાની શક્યતા છે. જો આવું થાય છે કે ક્રૂડ ઓઈલની કિંમતોમાં વધુ વધારો થઈ શકે છે. આ સમગ્ર ઘટનાક્રમની ભારત પર કેવી અસર પડશે? ભારત લગભગ ૪૦ દેશોમાંથી તેલ આયાત કરે છે. ૨૦૨૪માં ઓપેક દેશોએ ભારતને કુલ તેલ આયાતનો લગભગ ૫૧.૫ ટકા નિકાસ કરી હતી. પરંતુ ખાસ દેશોના હિસાબની રીતે જોઈએ તો ભારત સૌથી વધુ તેલ રશિયા પાસેથી ખરીદે છે. ઈરાન યુદ્ધના કારણએ ઓપેકના બીજા દેશોમાંથી ભારત તેલ વધુ ખરીદશે તો તેની કિંમતો વધી શકે છે. એટલા માટે ઈરાન પર કરેલા હુમલાની અસર ભારત પર પડી શકે છે. ઉલ્લેખનીય છે કે ઈઝરાયેલ દ્વારા ઈરાનના પરમાણુ અને સૈન્યસ્થળો પર શુક્રવારે થયેલા હુમલા પછી તેલની કિંમતોમાં ઉછાળો આવ્યો છે. આ હુમલાથી બંને દેશોની વચ્ચે પૂર્ણ યુદ્ધનો ખતરો વધી ગયો છે. અમેરિકન બેન્ચ માર્ક કાચા તેલનો ૪.૯૭ ડોલર એટલે કે ૭.૩ ટકા વધીને ૭૨.૯૧ ડોલર પ્રતિ બેરલ થઈ ગયો છે. આંતરરાષ્ટ્રીય ધોરણ મુજબ બ્રેન્ટ ક્રૂડ ૪.૭૮ ડોલર વધીને ૭૪.૧૫ ડોલર પ્રતિ બેરલ થઈ ગયો, જે ૬.૬૭ ટકાની વૃદ્ધિ છે.

વિમાનમાં ટેલના ભાગેથી વધુ એક મૃતદેહ મળ્યો, એરહોસ્ટેસનો હોવાની આશંકા

અમદાવાદ તા. ૧૪

અમદાવાદ વિમાન દુર્ઘટનાને બે દિવસ વીતી ગયા છે. ત્યારે સિવિલમાં હાલમાં પણ ડીએનએ ટેસ્ટિંગ કર્યા બાદ મૃતકોના મૃતદેહો પીડિત પરિવારોને સોંપવાની કામગીરી ચાલી રહી છે. આ દરમિયાન એક અહેવાલ એવા સામે આવ્યા છે કે વિમાનનો કાટમાળ હટાવતી વખતે ટેલના ભાગમાંથી વધુ એક મહિલાનો મૃતદેહ મળી આવ્યો છે. સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર આ મૃતદેહ વિમાનમાં ફસાયેલી એર હોસ્ટેસનો હોઈ શકે છે.

જોકે કાટમાળ હટાવતી ટીમને જેવો જ આ મૃતદેહ મળ્યો કે તેને તરત જ પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે સિવિલ હોસ્પિટલમાં હાલમાં ૨૬૫ જેટલા લોકોના મૃતદેહો આવી ચૂક્યા છે જેઓ વિમાન દુર્ઘટનાને કારણે મૃત્યુ પામ્યા છે. આ લોકોમાંથી ઘણાના મૃતદેહોની એવી હાલત થઈ ચૂકી છે જેની ઓળખ કરવી પણ મુશ્કેલ છે. જેના લીધે ડીએનએ ટેસ્ટિંગની પ્રક્રિયા યુદ્ધના ધોરણે ચલાવવામાં આવી રહી છે. જેથી કરીને પીડિત પરિવારોને તેમના પ્રિયજનોના દેહ સોંપી શકાય.

અમેરિકામાં ઈમિગ્રેશન દરોડા સામે રાષ્ટ્રવ્યાપી દેખાવો વધુ ઉગ્ર બન્યાં

નવી દિલ્હી

અમેરિકામાં ફેડરલ ઈમિગ્રેશન દરોડા પછી ઈમિગ્રન્ટ્સના ચાલુ થયેલા વિરોધી દેખાવો વધુને વધુ ઉગ્ર બની રહ્યાં છે. લાસ વેગાસ, શિકાગો, સિએટલ, વોશિંગ્ટન સહિતના શહેરોમાં હજારો લોકો દેખાવો કર્યાં હતાં. સમ્રાહના અંતે મોટા પ્રદર્શનોનો સામનો કરવા માટે તમામ શહેરોના અધિકારીઓ તૈયારીઓ કરી રહ્યાં છે. ઉગ્ર વિરોધ પ્રદર્શનોને કારણે અધિકારીઓએ લોસ એન્જલસ અને સ્પોકેન સહિતના શહેરોમાં રાત્રિ કર્ફ્યુ લાગુ કરવો પડ્યો હતો. દેખાવકારોએ આજે શનિવારે દેશભરમાં 'નો કિંગ્સ' આંદોલન કરવાની યોજના બનાવી છે. ઈમિગ્રેશન અને કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ વિરુદ્ધ ઘણા પ્રદર્શનો શાંતિપૂર્ણ રહ્યાં છે, જ્યારે અન્ય પ્રદર્શનોમાં પોલીસ સાથે અથડામણ થઈ હતી. પોલીસે ભીડને વિખેરવા માટે ગીયર ગેસનો ઉપયોગ કરીને અત્યાર સુધી સેંકડો લોકોની ધરપકડ કરી છે. ટ્રમ્પે લોસ એન્જલસમાં આશરે ૪,૦૦૦ નેશનલ ગાર્ડ સૈનિકો અને ૭૦૦ મરીનને તૈનાત કરવાનો આદેશ આપ્યો હોવા થતાં વિરોધની આગ કાબુમાં આવી નથી. ટેક્સાસ અને મિઝોરીના રિપબ્લિકન ગવર્નરોએ તેમના રાજ્યોમાં દેખાવોનો સામનો કરવા નેશનલ ગાર્ડ ટુકડી તૈનાત કરી હતી. પ્રેસિડન્ટ ટ્રમ્પ વોશિંગ્ટન, ડીસીમાં લશ્કરી પરેડમાં સામેલ થવાના છે ત્યારે દેખાવકારોએ શનિવારે દેશભરમાં 'નો કિંગ્સ' આંદોલન કરવાની યોજના બનાવી છે. બીજી તરફ ટ્રમ્પ વહીવટીતંત્રે કહ્યું હતું કે ઈમિગ્રેશન દરોડા અને દેશનિકાલની કાર્યવાહી ચાલુ રહેશે. લાસ વેગાસમાં બુધવારની રાત્રે દેખાવકારો સાથેની અથડામણમાં ચાર અધિકારીઓ ઘાયલ થયા હતાં અને પોલીસે ૯૪ લોકોની ધરપકડ કરી હતી.

અયોધ્યામાં રામ મંદિરની આસપાસ બહુમાળી બિલ્ડિંગોના બાંધકામ પર પ્રતિબંધ

લખનઉ તા. ૧૪

ઉત્તરપ્રદેશમાં અયોધ્યા વિકાસ અધિકારી (ADA)એ માસ્ટર પ્લાન-૨૦૩૧ હેઠળ રામ મંદિરની આસપાસ ઊંચી બિલ્ડિંગના નિર્માણ પર પ્રતિબંધ મુક્યો છે. રામ મંદિરની સુંદરતા અને આધ્યાત્મિક પવિત્રતાને જાળવવા માટે ADA દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે. અયોધ્યામાં રામ મંદિરમાં જાન્યુઆરી ૨૦૨૨માં રામલલાની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. ત્યારથી મંદિર નિર્માણના વિસ્તાર અને અન્ય યોજનાઓ પર સતત કામગીરી ચાલી રહી છે.

ADAના જણાવ્યું મુજબ, માસ્ટર પ્લાન-૨૦૩૧ને લઈને રામ

મંદિરની આજુબાજુનો વિસ્તાર પ્રતિબંધિત જાહેર કર્યો છે. જ્યારે મંદિરની નજીકમાં મોટી બિલ્ડિંગના નિર્માણ પર રોક લગાવી છે, ત્યારે ADA દ્વારા અયોધ્યાના અનેક સ્થળોએ નોટિસ બોર્ડ લગાવવાનું પણ શરૂ કરી દીધુ છે. જેમાં નવા નિયમોને સ્પષ્ટપણે દર્શાવવામાં આવ્યા છે અને બિનઅધિકૃત નિર્માણને લઈને ચેતવણી પણ જાહેર કરી છે. ADAના ઉપાધ્યક્ષ અશ્વિની પાંડેયે જણાવ્યું હતું કે, 'જાહેર કરાયેલા નવા નિયમો મંદિરમાં નજીકની બિલ્ડિંગની ઊંચાઈની સીમા નક્કી કરવામાં આવી છે. જેમાં બે કિલોમીટરના પહેલા પરિઘમાં બિલ્ડિંગની ઊંચાઈ માત્ર ૭ મીટર અને ચાર કિલોમીટરના બીજા પરિઘમાં ૧૫ મીટરની ઊંચાઈની અનુમતિ રહેશે.' તેમણે વધુમાં કહ્યું કે, 'આ નિર્ણયનો ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો છે કે રામ મંદિરનો નજારો અવિરત રહે અને આસપાસનો વિકાસ પવિત્ર સ્થળના આધ્યાત્મિક અને સાંસ્કૃતિક મહત્ત્વને અનુરૂપ થાય.'

અદાણી સિમેન્ટ અને કેડાઈ ટકાઉ શહેરી બાંધકામને પ્રોત્સાહન આપશે

અમદાવાદ

અદાણી સિમેન્ટ અને કેડાઈ (કોન્ફેડરેશન ઓફ રિયલ એસ્ટેટ ડેવલપર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા) એ ભારતમાં ટકાઉ અને ઉચ્ચ-ગુણવત્તાવાળા બાંધકામને ઉત્તેજન આપવા માટે એક વિશિષ્ટ પસંદગીની ભાગીદારી કરી છે. ગોવાના મુખ્યમંત્રી શ્રી પ્રમોદ સાવંતની ઉપસ્થિતિમાં પણજીમાં યોજાયેલી કેડાઈ ગવર્નિંગ કાઉન્સિલની બેઠકમાં આ ભાગીદારી ઉપર હસ્તાક્ષર થયા હતા, જેમાં દેશભરના ઉદ્યોગ સંગઠનના પદાધિકારીઓ અને અગ્રણી વિકાસકારોએ હાજરી આપી હતી.

આ વ્યૂહાત્મક સહયોગથી અદાણી સિમેન્ટ અને દેશના ખાનગી રિયલ એસ્ટેટ ડેવલપર્સની સર્વોચ્ચ સંસ્થા એક મંચ ઉપર આવી છે, જેનો હેતુ બંને સંસ્થાઓ અને વિસ્તરી રહેલા બાંધકામ ક્ષેત્રને લાભ આપવાનો છે. આ સહયોગ અંતર્ગત અદાણી સિમેન્ટ કેડાઈના ૧૩,૦૦૦થી વધુ વિકાસકારોના દેશવ્યાપી નેટવર્કનો ઉપયોગ તેના બિઝનેસ ટુ બિઝનેસની પહોંચને મજબૂત બનાવવા માટે કરશે, જ્યારે કેડાઈના સભ્યોને અદાણી સિમેન્ટના ઉદ્યોગલક્ષી અભિગમના ઉકેલોનો લાભ મળશે. અદાણી સમૂહના સિમેન્ટ બિઝનેસના સીઈઓ શ્રી વિનોદ બાહેટીએ જણાવ્યું હતું કે, કેડાઈ સાથેનો અમારો આ વિશિષ્ટ સહયોગ લાંબા ગાળાના અને નવ નિર્માણ મારફત રાષ્ટ્ર નિર્માણ પ્રત્યેની અદાણી સિમેન્ટની પ્રતિબદ્ધતાનો પુરાવો છે. અમે ભારતના રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં વિશ્વ-કક્ષાના સિમેન્ટ ઉત્પાદનો અને ગ્રીન કોંક્રિટ સોલ્યુશન્સને અપનાવવાની પ્રક્રિયાને કેડાઈ સાથે સહયોગ સાધીને વેગ આપવાનું લક્ષ્ય રાખીએ છીએ. આ સહયોગ હરિત, સ્માર્ટ શહેરી ભવિષ્યના નિર્માણના અમારા વિઝન સાથે સંપૂર્ણ રીતે સુસંગત છે કે જેમાં અદાણી સિમેન્ટની ટેકનિકલ કુશળતા અને કેડાઈનો જમીન પરનો અનુભવ મજબૂત, સુરક્ષિત અને વધુ ટકાઉ માળખું બનાવવા માટે એક સાથે જોડાયા છે. આ સહયોગનો સીધો લાભ ઘરમાલિકોને તેના રોકાણનું શ્રેષ્ઠ મૂલ્ય પહોંચાડી ભારતની વિકાસ ગાથામાં યોગદાન આપવા માટે અમે કેડાઈના સભ્યો સાથે નજીકથી કામ કરી અમારી શ્રેષ્ઠ સામગ્રી અને R&Dની ક્ષમતાઓ સાથે તેમને ટેકો આપવા માટે ઉત્સાહિત છીએ.

આ સહયોગથી બાંધકામ ઉદ્યોગની સંસ્થાના સભ્યોને વિવિધ પરિમાણોમાં તેમના પ્રકલ્પોની ગુણવત્તામાં વધારો કરવાનો ફાયદો મળશે, જેમાં મુખ્યત્વે અદાણી સિમેન્ટના નવા કોંક્રિટ ઉપાયોમાં અદાણીના વૈવિધ્યસભર રેડી-મિક્સ કોંક્રિટ (RMX) અને વિવિધ જરૂરિયાતો અનુસાર કસ્ટમાઈઝ્ડ અદ્યતન કોંક્રિટ સોલ્યુશન્સના પ્રમાણભૂત ગ્રેડથી લઈને વિશિષ્ટ મિશ્રણ સુધીની સરળ ઉપલબ્ધિ ઉપરાંત તેમાં નોંધપાત્ર અદાણી સિમેન્ટની ECOMaxX અલ્ટ્રા હાઈ-પર્ફોર્મન્સ કોંક્રિટ (UHPC) જેવી ગ્રીન ઈસ્ટ શ્રેણીનો સમાવેશ થાય છે, જે પરંપરાગત કોંક્રિટની તુલનામાં ૩૦-૧૦૦% ઓછી એમ્બોડેડ કાર્બન સામગ્રી સાથે ઉદ્યોગની ગ્રીન કોંક્રિટની સૌથી વ્યાપક શ્રેણી પ્રસ્તુત કરે છે. સેલ્ફ-કોમ્પેક્ટિંગ કોંક્રિટ (SCC), જેટસેટક્રીટ - હાઈ-સ્ટ્રેન્થ કોંક્રિટ (HSC) અને ફ્લુકીટ - થર્મલી કંટ્રોલ્ડ કોંક્રિટ (TCC) પણ આ શ્રેણીમાં શામેલ છે. પર્યાવરણને અનુકૂળ આવા કોંક્રિટ વિકલ્પો વિકાસકારોને તાકાત કે કામગીરીમાં કોઈ બાંધછોડ કર્યા વિના તેમના પ્રકલ્પોની કાર્બન ફૂટપ્રિન્ટને નોંધપાત્ર રીતે ઘટાડવાની મોકળાશ આપે છે. ટૂંક સમયમાં અદાણી RMX તાજેતરમાં હાથ ધરવામાં આવેલા લાઈફસાઈકલ એસેસમેન્ટ (LCA) દ્વારા તેમના તમામ કોંક્રિટ ગ્રેડ માટે પર્યાવરણીય ઉત્પાદન ઘોષણા (EPD) ની જાહેરાત કરશે. દેશભરમાં ૧૦૧થી વધુ પ્લાન્ટ દ્વારા તેના વધતા જતા વ્યાપ સાથે અદાણીના RMX માટે સમર્થન અને ઉપલબ્ધતાની સરળતા ઝડપથી વધી રહી છે.

અદાણી સિમેન્ટની વિશિષ્ટ અને પ્રીમિયમ સિમેન્ટ બ્રાન્ડ્સની વિશાળ શ્રેણી ફ્લેગશિપ અંબુજા પ્લસ અને એસીસી કોંક્રિટ પ્લસ તેની શ્રેષ્ઠ તાકાત અને ટકાઉપણા માટે જાણીતી છે. આ ઉચ્ચત્તમ ગુણવત્તાનું પ્રદર્શન દર્શાવનાર આ ઉત્પાદનો વિકાસકારોને તેમના પ્રકલ્પોમાં વધુ માળખાકીય ગુણવત્તા અને ટકાઉપણું પ્રાપ્ત કરવામાં સહાયરુપ થશે. અદાણી સિમેન્ટના કુલ વેપાર વેચાણનો લગભગ ૩૦% હિસ્સો તેના આ પ્રીમિયમ ઉત્પાદનોમાંથી આવે છે. અંબુજાના નવીન અને મિશ્રિત સિમેન્ટ ઉત્પાદનોની શ્રેણી જેમ કે અંબુજા સિમેન્ટ, અંબુજા પ્લસ, અંબુજા કોમ્પોસેમ તથા અંબુજા કવચ તેમજ ACCના સુરક્ષા, કોંક્રિટ પ્લસ, ગોલ્ડ, F2R અને HPC, GRIHA (ઈન્ટિગ્રેટેડ હેબિટેટ એસેસમેન્ટ માટે ગ્રીન રેટિંગ) ગ્રીન પ્રોડક્ટ કેટલોગમાં સૂચિબદ્ધ છે. GRIHA એ ભારત સરકારના નવી અને નવીનીકરણીય ઉર્જા મંત્રાલય દ્વારા વિકસિત રાષ્ટ્રીય ગ્રીન રેટિંગ સિસ્ટમ છે.

અદાણી સિમેન્ટની ટેકનિકલ આર એન્ડ ડી ક્ષમતાઓ દ્વારા વિકસાવવામાં આવેલા અદ્યતન એડિટિવ્સ અને એડમિક્ચર્સની વ્યાપક શ્રેણી હવે કેડાઈના તમામ સભ્યો માટે ઉપલબ્ધ થશે. આમાં અન્ય અત્યાધુનિક ઉત્પાદનોમાં અલ્કોફાઇન - એક માઈક્રો ફાઈન મિનરલ એડિટિવ જે કોંક્રિટની મજબૂતાઈ અને ટકાઉપણું વધારતી નવીનતાઓનો સમાવેશ થાય છે. અદાણી સિમેન્ટની અત્યાધુનિક સિમેન્ટ અને કોંક્રિટ સંશોધન સુવિધાઓ દ્વારા સમર્થિત આ એડિટિવ્સ જટિલ બાંધકામ પડકારો માટે કસ્ટમાઈઝ્ડ ઉચ્ચ-પ્રદર્શન કોંક્રિટ ઉકેલોને સક્ષમ કરે છે. અદાણી સર્ટિફાઈડ ટેક્નોલોજી (ACT) પહેલનો ભાગ એવી અદાણી સિમેન્ટની ટેકનિકલ સેવાઓ પૂરી પાડતી ટીમ કેડાઈના વિકાસકારો સાથે ગાઢ સંપર્કમાં રહીને સામગ્રી સંબંધી સલાહ, ગુણવત્તાની ખાતરી અને સ્થળ પર સહાય પૂરી પાડશે. નવીન સામગ્રી અને તકનીકો પર કોંક્રિટ ટોક્સ સહિત જ્ઞાન આપતી આ પહેલ કેડાઈના સભ્ય ઈજનેરો અને બાંધકામ વ્યાવસાયિકોની ક્ષમતાઓને વધુ મજબૂત બનાવવામાં મદદ કરશે. અદાણી સિમેન્ટની સામગ્રી કુશળતાને CREDAI ની અમલીકરણ ક્ષમતાઓ સાથે જોડીને આ ભાગીદારી આગામી પ્રકલ્પોમાં બાંધકામની ગુણવત્તા, સલામતી અને ટકાઉપણાનું ધોરણ ઊંચું લાવશે તેવી અપેક્ષા છે. ભારતમાં સિમેન્ટના વપરાશમાં આમૂલ પરિવર્તન આવી રહ્યું છે તે વેળા થયેલી આ જાહેરાત પરંપરાગત રીતે રિટેલ સેગમેન્ટમાં વ્યક્તિગત આવાસ નિર્માણ બિલ્ડરો (IHBs) સિમેન્ટના વપરાશનો સૌથી મોટો હિસ્સો આશરે ૬૦% હિસ્સો ધરાવે છે. અલબત્ત ઝડપી શહેરીકરણ અને માળખાગત વિકાસને કારણે મ્ર્ર્ માંગમાં વધારો થયો છે. મોટા રિયલ એસ્ટેટ વિકાસકારો અને જાહેર માળખાગત પ્રકલ્પો હવે અભૂતપૂર્વ ગતિએ સિમેન્ટ વપરાશને આગળ ધપાવી રહ્યા છે. ખાનગી ક્ષેત્રના ઉચ્ચ-ઉદય વિકાસની સાથે, સરકાર દ્વારા સંચાલિત હાઈવે, મેટ્રો સિસ્ટમ્સ અને સ્માર્ટ સિટીઝનું બાંધકામ ર્ઈ૩૯;બિન-વેપાર સેગમેન્ટના વેગમાં ફાળો આપી રહ્યું છે જે એક સમયે IHB-પ્રભુત્વ ધરાવતા બજારને ધીમે ધીમે સંતુલિત કરી રહ્યું છે.

૨૦૩૦ સુધીમાં ભારતની શહેરી વસ્તી ૬૦૦ મિલિયનથી વધુ થવાનો અંદાજ છે, શહેરી વિસ્તારોમાં જગ્યાની માંગને પહોંચી વળવા માટે ઊંચી ઈમારતો દ્વારા વર્ટિકલ વિકાસ આવશ્યક બન્યો છે. જે માટે વધુ ઊંચાઈએ સલામતી અને ટકાઉપણું સુનિશ્ચિત કરવા માટે વિશિષ્ટ સિમેન્ટ ફોર્મ્યુલેશન અને તકનીકી જ્ઞાનની જરૂર ઉભી થઈ છે. ઉચ્ચ-શક્તિવાળા કોંક્રિટ અને નવા યુગના બાંધકામ સામગ્રીમાં અદાણી સિમેન્ટનું ઊંડું જ્ઞાન અને તકનીકી કુશળતા તેને આવા મહત્વાકાંક્ષી વર્ટિકલ વિકાસને ટેકો આપવા માટે એક આદર્શ સહયોગી તરીકે સ્થાન આપે છે. મહાન ઊંચાઈ સુધી પમ્પિંગ માટે ઑપ્ટિમાઈઝ કોંક્રિટ સપ્લાય કરવાથી લઈને ઝડપી સેટિંગ અને ઉચ્ચ લોડ-બેરિંગ ક્ષમતા માટે મિક્સ ડિઝાઈન પર સલાહ આપવા સુધીનો અદાણી સિમેન્ટનો અનુભવ કેડાઈના સભ્ય વિકાસકારોને વિશ્વાસપૂર્વક ઊંચા અને વધુ જટિલ પ્રોજેક્ટ્સ હાથ ધરવામાં મદદ કરશે. કેડાઈના અગ્રણીઓએ પણ સમાન આશાવાદ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે આ ભાગીદારી તેના સભ્ય વિકાસકારોને ભારતના ટોચના સિમેન્ટ ઉત્પાદકોમાંના એક પાસેથી ખાતરીબધ્ધ પુરવઠો અને અદ્યતન જાણકારી સાથે સશક્ત બનાવશે. અદાણી સિમેન્ટ હવે ભારતના હાઉસિંગ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સમાં વપરાતા સિમેન્ટમાં લગભગ ૩૦% યોગદાન આપી રહી છે. અદાણી સિમેન્ટ અને કેડાઈ બંનેએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આ સિનર્જી ગુણવત્તાના ધોરણોને આગળ વધારવા સાથે લાંબા ગાળા માટેની પધ્ધતિને પ્રોત્સાહન આપશે અને રિયલ એસ્ટેટ ઉદ્યોગમાં પ્રકલ્પો પૂરા કરવાના સમયનમાં ઝડપ લાવશે.

અજના દર્શન

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનું અકાળે નિધન થતાં માંડવીની વિવિધ સંસ્થાઓ શોકમગ્ન બની

જયેશ શાહ ધ્વારા માંડવી, તા.૧૪

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનું તા. ૧૨–૬ના અકાળે નિધન થતાં માંડવીની વિવિધ સંસ્થાઓ શોકમગ્ન બની છે. અને ઘેરા શોકની લાગણી વ્યકત કરી છે.પરમ પૂજય નરેશમુનિ મહારાજ સાહેબ પ્રેરિત વ્યસનમુકિત અભિયાનના પ્રમુખ ડો. દિનેશભાઈ જોશી, મંત્રી દિનેશભાઈ શાહ અને ઉપપ્રમુખ જયેશભાઈ જી. શાહ, માંડવી ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ વાડીલાલભાઈ દોશી અને માનદમંત્રી નરેન્દ્રભાઈ સુરૂ, અંધ અપંગ માનવ કલ્યાણ સોસાયટીના પ્રમુખ શાંતિલાલભાઈ ગણાત્રા, મંત્રી દિનેશભાઈ શાહ અને ટ્રસ્ટી મંડળ, જનકલ્યાણ મેડીકલ સોસાયટીના પ્રમુખ કિરણભાઈ સંઘવી અને મંત્રી અરવિંદભાઈ શાહ, કચ્છ જિલ્લા ગામ વિકાસ સમિતિ–ગોધરાના પ્રમુખ અરવિંદભાઈ જોશી, ઉપપ્રમુખ દિપકભાઈ પંડયા અને લિનેશભાઈ શાહ વગેરે ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના અકાળે નિધન થતાં ભારે

દુઃખની લાગણી વ્યકત કરી તેમને શ્રધ્ધાંજલિ અર્પી હતી. અમદાવાદમાં એરઈન્ડીયાનાં વિમાન દુર્ઘટનામાનાં દુઃખદ સમાચાર જાણીને અહીંનાં વેપારીઓમાં ખુબ જ દુઃખ અને શોકની લાગણી ફરી વળી હતી.

આ દુઃખદ બનાવમાં મૃત્યુ પામેલા સહુ લોકોને પરમ કૃપાળુ પરમાત્મા શાંતિ અર્પે અને એમનાં પરિવાર જનોને આ દુઃખદ અને આઘાતજનક ઘટનામાં દુઃખ સહન કરવાની પરમ કૃપાળુ પરમાત્મા શકિત આપે એવી ઈશ્વરને પ્રાર્થનાં સાથે માંડવી મરચન્ટ એસો.ના પ્રમુખ લીનેશભાઈ કે. શાહે શ્રધ્ધાંજલી વ્યકત કરી હતી.આ દુઃખદ ઘટનામાં ગુજરાતનાં સરળ અને સેવાભાવી એવા પુર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનું દુઃખદ નિધન થતા એમને શ્રધ્ધાંજલિ આપવામાં આવી એમનાં આત્માને પરમકૃપાળુ પરમાત્મા શાંતિ આપે એવી પ્રાર્થનાં કરાયેલ.

જાયન્ટ્સ ગ્રુપ ઓફ ભુજ દ્વારા આજરોજ તા. ૧૩ /૬/૨૦૨૫ ના કાયમી ચાલતા એક્યુપ્રેશર કેમ્પમાં શરદભાઈ ઠાકર, દીપીકાબેન કારીયા અને ભાવનાબેન બેલાણી એ એક્યુપ્રેશર પોઈન્ટ આપી દર્દીઓની સારવાર કરેલ. હેમ બેલાણી દ્વારા ફુટ મસાજ ની સેવા કરેલ. ભુજ ગ્રુપ ના એક્યુપ્રેસર ચેરમેન નરસિંહભાઈ ગોગારી રજીસ્ટ્રેશન કરેલ. જેમાં ભુજ ગ્રુપ ના પ્રમુખ અશોકભાઇ માંડલિયા, ઉપ પ્રમુખ અભિલાષ મહેતા, મંત્રી શૈલેષભાઈ વસા, આઈ.પી.પી અરૂણકુમાર જોશી, ખજાનચી હરિલાલ યાદવ, ડાયરેક્ટર જમનાદાસ ઠક્કર, આરોગ્ય ચેરમેન વિનોદભાઈ ગોર, એક્યુપ્રેસર ચેરમેન વિનોદભાઈ સલાટ, ફેડ-ઉબી ના કો-ઓડિનેટર ડો. મધુકાન્ત આચાર્ય, યુનિટ ડાયરેક્ટર હેમંતભાઈ ઠક્કર કુપોષણ /એનેમીક પ્રોજેક્ટ ઓફિસર પ્રદિપ કુમાર જોષી, પર્યાવરણ ઓફિસર જયસિંહ પરમાર ઉપસ્થિત રહી સહયોગ આપેલ.

કચ્છ જિલ્લા ગામ વિકાસ સમિતિ ગોધરાનું પ્રેરણાદાયી કાર્ય

જયેશ શાહ ધ્વારા માંડવી, તા.૧૪

ઓપરેશન સિંદુરના બી.એસ.એફ. ૬૮ બટાલિયન કચ્છ બોર્ડર ઉપરના જવાનો માટે સ્ટોરેજ કરી શકે તે માટે, કચ્છ જિલ્લા ગામ વિકાસ સમિતિ – ગોધરા દ્વારા, દાતાશ્રીઓના આર્થિક સહયોગ થી આઠ ડીપ ફ્રીજનું લોકાર્પણ કરાયું હતું.

કચ્છ જિલ્લા ગામ વિકાસ સમિતિ–ગોધરાના પ્રમુખ અરવિંદભાઈ જોષી અને માંડવીના સમાજિક જૈન અગ્રણી તથા રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા દિનેશભાઈ મણીલાલ શાહે માહિતી આપતાં જણાવ્યું હતું કે, દાતા નિશિત એજયુકેશન એન્ડ વેલફર ફાઉન્ડેશન મુંબઈ (હસ્તે : નિશા પિયુષભાઈ શાહ – ભાવનગર હાલે મુંબઈ તરફથી ૬ ડીપ ફ્રીજ અને દાતા નવલભાઈ વેદ પરિવાર અને રાજુભાઈ વેદ પરિવાર તરફથી ૨ ડીપ ફ્રીજ સહીત કુલ ૮ ડીપ ફ્રીજનું લોકાર્પણ તાજેતરમાં કરવામાં આવેલ હતું.ડીપ ફ્રીજનું લોકાર્પણ સમારોહમાં કચ્છ જિલ્લા ગામ વિકાસ સમિતિ – ગોધરાના પ્રમુખ અરવિંદભાઈ જોષી, સમિતિના સક્રીય કાર્યકર અને ગોધરા (તા. માંડવી) ની સરકારી હાઈ સ્કૂલના પૂર્વ નિવૃત્ત આચાર્ય નિતીનભાઈ ચાવડા, નખત્રાણા લોહાણા મહાજનના પ્રમુખ રાજુભાઈ પલણ અને અંધજન મંડળ ના મેનેજર અરવિંદસિંહ ગોહિલ ઉપસ્થિત રહ્યા હતા. મુંબઈ થી ચંદ્રકાંતભાઈ મોતાએ શુભેચ્છા પાઠવી હતી.

અત્રે એ ઉલ્લેખનિય છે કે, દાતા નિશિત એજયુકેશન એન્ડ વેલફેર ફાઉન્ડેશન–મુંબઈ (હસ્તે : નિશા પિયુષભાઈ શાહ – ભાવનગર (હાલે – મુંબઈ) તરફથી આ અગાઉ પણ બીએસએફ ના જવાનોને માટે પાણીના કુલર અને બેન્ચીજ માટે તેમજ કચ્છના દિવ્યાંગો માટે ટ્રાયસિકલ તથા કચ્છમાં સૌ પ્રથમ ઈલેટ્રીક ટ્રાયસિકલ માટે આર્થિક સહયોગ મળેલ હોવાનું કચ્છ જિલ્લા ગામ વિકાસ સમિતિ ગોધરાના પ્રમુખ અરવિંદભાઈ જોશીએ જણાવ્યું હતું.

આ ઉપરાંત આજ દાતા તરફથી દિવ્યાંગો માટે સ્વરોજગારી માટે અનેક કીટ તથા માલ સાથે કેબીન પણ આપવામાં આવેલ છે. શ્રી કચ્છ જિલ્લા ગામ વિકાસ સમિતિ – ગોધરા દ્વારા સમિતિના પ્રમુખ અરવિંદભાઈ જોષી દ્વારા દેશ–વિદેશના દાતાશ્રીઓના સહયોગથી સમગ્ર કચ્છમાં આ પ્રકારના સત્કાર્યો છેલ્લા ૨૬ વર્ષથી અવિરત થઈ રહ્યા છે.

ભુજ ખાતે રક્તદાતા દિવસની ઊજવણી રક્તદાતાઓની યાદમાં સેવા કાર્યો કરાયા

ભુજ. રક્તદાતા દિન એ આજે ભુજ ખાતે વિવિધ સેવા કાર્યો સાથે ઉજવાયો હતો આ તકે અવસાન પામેલા રક્ત દાતાઓને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી અને સ્વર્ગસ્થ ની યાદ માં વિવિધ વિસ્તારોમાં આજે હાથ લંબાવી શકતા નથી માંગી શકતા નથી તેઓને ઘેરઘેર ટિફિનો પહોંચતા કરવામાં આવ્યા હતા અને આ માટે અમદાવાદના શ્રીમતી નીનાબેન ઋષિકેશભાઇ પટણી તેમજ કોંગ્રેસ અગ્રણીને જાણીતા રક્તદાતા જે. સી પારેખ તેમજ રામુબેન પટેલ વગેરે સહયોગ આપ્યો હતો જ્યારે છાશ કેન્દ્ર માટે ભુજના જાણીતા મહિલા અગ્રણી સુમિત્રાબેન સચિન ઉપાધ્યાય દ્વારા આપવામાં આવી હતી દરમિયાન જે રક્ત દાતા અવસાન પામ્યા છે તેવા સ્વ રમેશચંદ્રભાઈ અંતાણી, બાબુભાઈ અંતાણી, સ્વ ભરતભાઈ છાયા, સ્વ તુલસીભાઈ પીપરાણી, સ્વ હરેન વૈધ, સ્વ બી આર શાહ, તેમજ અન્ય નામી અનામીને શ્રદ્ધાંજલિ અર્પિત કરવામાં આવી હતી મૃત્યુ પામેલા રક્તદાતાઓની યાદમાં જીવ દયા પ્રવુતિ પણ કરવામાં આવી હતી આજના આ કાર્યમાં સત્યમ સંસ્થા ના અધ્યક્ષ દર્શક ભાઈ અંતાણી, નર્મદાબેન ગામોટ, મનજીભાઈ ગામોટ, અંકિતાબેન ધોકાઇ,તેમજ ગુજરાત રાજય માધ્યમિક શિક્ષક સમાજના પૂર્વ પ્રમુખ નયનભાઈ શુક્લ, લોકસેવા સાર્વજનિક ટ્રસ્ટના હેમેન્દ્રભાઈ જન સારી, જટુ ભાઈ ડુડીયા વગેરે જોડાયા હતા,દરમિયાન આજે રક્ત દાતાઓની યાદમાં જીવ દયા પ્રવૃત્તિ માટે વડોદરાના શ્રીમતી જાગૃતીબેન કેતનભાઈ અંતાણી, તેમજ દર્શનભાઈ વૈષ્ણવ તરફથી વ્યવસ્થા કરી દેવામાં આવી હતી આ રીતે રક્તદાતા દિનની ઉજવણી જીવદયા પ્રવુતિ સાથે કરવામાં આવી હતી,

આજે વિશ્વ રક્તદાન દિવસ નિમિત્તે નાગર ચકલાના દરજી મિત્રો દ્વારા ૧૦૦ થી પણ વધુ વખત રક્તદાન કરનાર સામાજિક કાર્યકર મિતેષભાઈ હીરાલાલ શાહનું સન્માન કરવામાં આવ્યું હતું. યુવાનોએ જણાવ્યું હતું કે મિતેષભાઇ શાહની પ્રેરણાથી દરજી મિત્રોએ અવારનવાર અનેક વખત રક્તદાન કેમ્પનું આયોજન કરેલ છે.

ગૌતમ ગંભીર પારિવારિક કારણોસર વતન પરત ફર્યો

ભારતીય ટીમના કોચના તેની માતાની બીમારીને કારણે પરત

બેકેનહામ તા. ૧૪

ઈંગ્લેન્ડના પ્રવાસે ગયેલી ભારતીય ક્રિકેટ ટીમના કોચ ગૌતમ ગંભીરના પરિવારમાં ઓચિંતી ઘટના બનતા તેને તાકીદે વતન પરત ફરવાની ફરજ પડી હતી. આમ તે શુક્રવારે નવી દિલ્હી પરત ફરી ગયો હતો. ભારતની ટીમ હાલમાં ઈંગ્લેન્ડના પ્રવાસે છે અને શુક્રવારે અહીં ટીમ અંદરોઅંદર પ્રેક્ટિસ મેચ રમી રહી છે.

જોકે સૂત્રોએ જણાવ્યું હતું કે ગૌતમ ગંભીરની માતા બીમાર છે અને તેમને નવી દિલ્હીની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ પરિસ્થિતિમાં પરિવાર સાથે રહેલા માટે ગંભીર નવી દિલ્હી આવવા રવાના થયો હતો.

શુભમન ગિલની આગેવાનીમાં ભારતની ટીમ અત્યારે ઈંગ્લેન્ડના પ્રવાસે છે. જ્યાં ૨૦મીથી તે ઈંગ્લેન્ડ સામે પાંચ ટેસ્ટની સિરીઝ રમશે. સૂત્રોએ જણાવ્યું હતું કે તેના પરિવારમાં ઈમરજન્સી આવી જતાં ગંભીર વતન જવા રવાના થઈ ગયો છે. ગૌતમ ગંભીરની ગેરહાજરીમાં ભારતીય ટીમનો આસિસ્ટન્ટ કોચ રાયન ટેનડોસ્કાથે કોચ તરીકેનો ચાર્જ સંભાળશે.

ભારતીય ટીમ હાલમાં ભારત-એ ટીમ સામે પ્રેક્ટિસ મેચ રમી રહી છે. જેમાં હવે રાયન ટેનડોસ્કાથેની સાથે મોર્ને મોર્કેલ અને સિતાંશુ કોટક ટીમની જવાબદારી સંભાળશે. ગંભીર હવે એકાદ સપ્તાહમાં ઈંગ્લેન્ડ આવી જાય તેવી શક્યતા છે. ભારતની ટીમ ૨૦મીથી લીડ્ઝ ખાતે ઈંગ્લેન્ડ સામે પહેલી ટેસ્ટ રમશે.

બિહારના રેત કલાકારે પ્લેન ક્રેશમાં જીવ ગુમાવનારાઓને શ્રદ્ધાંજલિ આપી

અમદાવાદ વિમાન દુર્ઘટના દેશ માટે કાળો દિવસ છે. આ દુઃખદ સમયમાં, બિહારના છાપરાના રહેવાસી પ્રખ્યાત રેતી કલાકાર અશોક કુમારના કાર્યએ એક અનોખો માનવતાવાદી સંદેશ આપ્યો છે. તેમના દ્વારા બનાવેલ રેતી કલા ફક્ત પીડિતોને શ્રદ્ધાંજલિ નથી, પરંતુ સમગ્ર રાષ્ટ્ર તેમના શોક વ્યક્ત કરવા માટે એકઠા થવાનું પ્રતીક પણ છે. આ કલાકૃતિ નીચે એક નાનો સંદેશ પણ લખવામાં આવ્યો છે કે "આ કાળા દિવસે, આપણે બધા એક છીએ. ચાલો આપણે બધા દુઃખ વહેંચીએ અને એકબીજાને ટેકો આપીએ." અશોકનો આ સંદેશ ચોક્કસપણે તે દુઃખદ ઘટનામાં થોડી સાંત્વના આપશે અને લોકોને માનવતાની યાદ અપાવશે.

નેત્રા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ટોળિયા ગામમાં મેલેરિયા નિદાન કેમ્પ તેમજ સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન

નેત્રા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ટોળિયા ગામમાં મેલેરિયા નિદાન કેમ્પ તેમજ સર્વ રોગ નિદાન કેમ્પ નું આયોજન કરવામાં આવેલ,જેમાં ડાયાબિટીસ , બ્લડ પ્રેશરના દર્દી, મેલેરિયા ના શંકાસ્પદ દર્દી અને બીજા શરદી ઉધરસ વાળા દર્દીઓ એ લાભ લીધેલ ઉપરાંત પોરા નિર્દશન , મચ્છર ના ઉપદ્રવ વિશે શાળ,ગામ માં ર્ન્દ્ર મચ્છરદાની ના ઉપયોગ, ફુલ બાયવાડા કપડાં, લીમડા ના પાન નું ધુમાડો, કીટ નાશક અગરબત્તી, ઓલ આઉટ, ધુમ્રપાન, બેટી બચાવો,વધાવો,પઢાવો, ગપ્પી, ગેમ્બુશિયા માછલી, પોરા નિદર્શન વિશે, ટ્રંકમાં પાણીજન્ય, વાહકજન્ય, દુષિત ખોરાકથી ફેલાતા રોગો વિષે તાલુકા કક્ષાએથી શ્રી એસ. એ.પીંજારા ટ્રેંરજ, શ્રી મુકેશભાઈ શ્રીમાળી મારફતે વિસ્તૃત જાણકારી આપેલ .આ કાર્યક્રમમાં મેડિકલ ઓફિસર શ્રી પ્રિયંકાબેન ગોહિલ, સી.એચ.ઓ.મયુરિકા પરમાર, એમ.પી.ડબલ્યુ.શ્રી તુષારભાઈ બાવળિયા, જયેશભાઈ જાદવ લેબોરેટરી ટેક્નિશિયન ભૂમિબેન આહિર તેમજ આશા બહેન શ્રીમતિ ખતુબેન હજામ, કસ્તુરબેન ગરવા અને શાળાના શિક્ષકો નો સહયોગ મળેલ.સમગ્ર કાર્યક્રમ નું સંચાલન પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર નેત્રા ના મલ્ટીપર્પઝ હેલ્થ સુપરવાઈઝર શ્રી મુકેશભાઈ બી.શ્રીમાળી એ કરેલ હતી (તસવીર પ્રેમજી બડીયા)

ભુજમાં શુદ્ધ શાકાહારી ભોજન, ઓફિસ,બેંક અને વિદ્યાર્થીઓ માટે હોમ ડિલીવરી ફ્રી
ૐ ઓમ ટીફીન સર્વિસ
સંપર્ક મો. ૮૪૯૦૯૯૫૩૮૪

MUSKAN
SALES & SERVICE
Fresh Aqua-Oseas Aqua
anam nagar, atmaram circle, bhuj-kutch, 370001
Sarif Luhar- 95103 62011
Mustak Luhar - 98258 52498

એક જ કોલમાં દર્દીની સંભાળ માટે સેવા ઉપલબ્ધ

અશક્ત, પથારીવસ દર્દીની સારસંભાળ, સ્નાન-પંચીગ કરાવવા કે ડાયપર બદલવા માટે જરૂરિયાતને પહોંચાડવા માટે આજે સંપર્ક સાંધો
9824102079
ભેરૂમલ ચાવરીયા
ભુજ-કચ્છ.

Printer, Publisher & Owned by RAM KARSHANDAS THACKER Printed at JAHNAVI Offset, 105/B,Lotus colony BHUJ-KUTCH370001. Publish at VAVAD, 'AKSHARDHAM' 104/A, Lotus colony BHUJ-KUTCH,Editor RAM KARSHANDAS THACKER

માંડવી સર્વાંગી વિકાસ પરિષદની ગાંધનગર મધ્યે રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ સમક્ષ રજૂઆત

જયેશ શાહ ધ્વારા માંડવી, તા.૧૪

માંડવી ના ધારાસભ્ય અનિરૂધ્ધભાઈ દવે ના પ્રયાસોથી માંડવીને રેલ્વેની સુવિધા ઝડપથી મળે તે માટે માંડવી ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ પ્રેરિત માંડવી સર્વાંગી વિકસા પરિષદે તાજેતરમાં તા. ૧૦–૬ ને મંગળવારના રોજ ગાંધીનગર મધ્યે ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ ની તેમના કાર્યાલયમાં રૂબરૂ મુલાકાત લઈને લેખિત રજૂઆત કરી હતી.

માંડવી સર્વાંગી વિકાસ પરિષદ અને માંડવી ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ વાડીલાલભાઈ દોશીની આગેવાની હેઠળના પ્રતિનિધિ મંડળમાં માંડવી સર્વાંગી વિકાસ પરિષદના મંત્રી અને રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા દિનેશભાઈ મણિલાલ શાહ, પરિષદના ઉપપ્રમુખ અને કચ્છ માઈન્સ મિનરલ્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખ તથા ગુજમીન ઈન્ડસ્ટ્રી એસો. રાજ્યના ઉપપ્રમુખ દિપકભાઈ પંડ્યા, પરિષદના બીજા ઉપપ્રમુખ અને માંડવી મર્ચન્ટ એસોસિએશનના પ્રમુખ લીનેશભાઈ શાહ, પરિષદના કારોબારી સભ્ય અને માંડવી ચેમ્બર ઓફ કોમર્સના ખજાનચી ચંદ્રશેનભાઈ કોટક તથા માંડવી ચેમ્બર ઓફ કોમર્સના ટ્રસ્ટી રાજેશભાઈ વાડીલાલ દોશી જોડાયા હતા.

આ મુલાકાતમાં માંડવીના લોકલાડીલા ધારાસભ્ય અનિરુદ્ધભાઈ દવે જોડાયા હતા અને માંડવીને રેલ્વેની ઝડપથી સુવિધા અપાવવા જોરદાર રજૂઆત રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સમક્ષ કરી હતી.

માંડવી સર્વાંગી વિકાસ પરિષદના પ્રતિનિધિ મંડળે રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સમક્ષ લેખિત રજૂઆતમાં કચ્છની વિવિધ સંસ્થાઓના જનસમર્થનના સહીવાળા પત્રો તેમજ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને કરેલ રજૂઆતના પત્રની નકલ અર્પણ કરી વધુમાં જણાવ્યું હતું કે, માંડવીનો વર્ષો જૂનો પ્રશ્ન માંડવીને રેલ્વેની સુવિધા મળશે તો માત્ર માંડવીનો જ નહીં પરંતુ સમગ્ર કચ્છ જિલ્લાનો વિકાસ થશે. વિવિધ ડેટાવાળો પત્ર અર્પણ કરીને જણાવ્યું હતું કે, માંડવીને રેલ્વેની સુવિધા આપવાથી રેલ્વે મંત્રાલયને પણ ફાયદો થશે. પ્રતિનિધિ મંડળે વધુમાં જણાવ્યું હતું કે, છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન માંડવી તાલુકામાંથી નિકાસ થયેલ ખનીજ, જેમ કે બેન્ટોનાઈટ - બોકસાઈટ - કપચી - લેટેરાઈટ વગેરે ૨૦ થી ૨૨ લાખ ટન ભારતના જુદા જુદા રાજયોમાં નિકાસ થયેલ છે. જો માંડવીને રેલ્વેની સુવિધા મળે તો આ નિકાસ રેલ્વે દ્વારા થાય, જેથી ખનીજ ઉત્પાદકો અને ખરીદનારને પણ ફાયદો થાય. સાથે સાથે રેલ્વેને પણ કરોડો રૂપિયાની આવક થાય. માંડવીમાં દરિયામાં એકદમ ઉંચી કક્ષાની સેન્ડ ધરબાયેલી છે, જો આ સેન્ડને ઓફ શોર માઈનિંગની પરવાનગી આપવામાં આવે તો લાખો ટન સેન્ડ ઉત્પાદન થઈ શકે તેમ છે. આ સેન્ડને પ્રોસેસ કરીએ તો ગ્રીન એન્ડ મોલ્ડિંગમાં તેનો ઉપયોગ થઈ શકે તેમ છે. આજની તારીખમાં ભારતભરમાં આ પ્રકારની સેન્ડની ખૂબ જ માંગ છે, અને દરરોજની એક રેક્ર જેટલી નિકાસ થઈ શકવાની શક્યતા રહેલી છે. જો માંડવીને રેલ્વે જોડાણ મળે તો રેલ્વે મંત્રાલયને પણ લાખો રૂપિયાની આવક થઈ શકે. આ ઉપરાંત ગુજરાત સરકારશ્રીની પણ નીતિ છે કે, કુદરતી નદીની રેતીના વિકલ્પ રૂપે એમ સેન્ડ અને સી સેન્ડનો ઉપયોગ થાય. અમારી સંસ્થા પણ સરકારશ્રીની નીતિ સાથે સહમત છે અને ટેકો આપે છે.

માંડવી સર્વાંગી વિકાસ પરિષદના પ્રતિનિધિ મંડળે રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને કચ્છી પાઘડી પહેરાવી, પ.પૂ. નરેશમુનિ મહારાજ સાહેબ લેખિત અને વ્યસનમુક્તિ અભિયાનના પ્રમુખ ડો. દિનેશભાઈ જોખી સંપાદિત પુસ્તક "માનવ જીવનની મીઠાશ" પુસ્તક અર્પણ કરી, શાલ ઓઢાડીને, મુખ્યમંત્રીનું અભિવાદન કરેલ હતું.

માંડવીને રેલ્વેની સુવિધા મળશે તો સરકારશ્રીના રેલ્વે મંત્રાલયને અંદાજે ૧૫૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થવાની શક્યતા છે જેની સામે રેલ્વે મંત્રાલયને વાર્ષિક ૨૪૦૦ કરોડ રૂપિયાની આવક થવાની શક્યતા છે.

રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે માંડવીના ધારાસભ્ય અનિરુદ્ધભાઈ દવે અને માંડવી સર્વાંગી વિકાસ પરિષદના પ્રતિનિધિ મંડળની રજૂઆત સહાનુભૂતિપૂર્વક સાંભળી હતી અને સત્વરે યોગ્ય ઘટતું કરવાની ખાત્રી આપી હોવાનું પરિષદના પ્રમુખ વાડીલાલભાઈ દોશી અને મંત્રી દિનેશભાઈ શાહે એક અખબારી યાદીમાં જણાવ્યું હતું.

નજીકના ટૂંક સમયમાં માંડવી સર્વાંગી વિકાસ પરિષદના હોદ્દેદારો, કચ્છના લોકલાડીલા સંસદ સભ્ય વિનોદભાઈ ચાવડા સાહેબનો સહયોગ લઈને ભારતના રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવ સાહેબની મુલાકાત લઈને, માંડવીને રેલ્વેની સુવિધા ઝડપથી આપવા દિલ્હી જઈને રજૂઆત કરશે.

મોતીયા મુકત અભિયાન માટે દાન

અંધજન મંડળ કે.સી.આર.સી. ભુજ સંચાલિત કચ્છ ની સૌથી મોટી અને આધુનિક આંખની હોસ્પિટલમાં ?૩૫,૦૦૦ થી વધુ આંખના દર્દીઓના નિઃશુલ્ક સફળ ઓપરેશન થઈ ચૂક્યા છે. અને તેનો વ્યાપ સમગ્ર કચ્છમા વધતા મોતિયા મુક્ત અભિયાન અંતર્ગત માંગો ત્યાં આંખના કેમ્પ યોજાય છે અને હોસ્પિટલમાં દર બુધવાર ,શુકવાર ,અને રવિવારના ઓપરેશન થાય છે. દર મહિને જરૂરિયાતમંદ લોકોના ૩૦૦ થી વધુ ઓપરેશન થાય છે અને અનેક લોકોને નવી રોશની મળે છે. આ અભિયાનમાં અનેક દાતાઓ સહયોગ આપી રહ્યા છે. આ સેવાકીય પ્રવૃત્તિથી પ્રભાવિત થઈને માધાપરના સ્વ.શિવજીભાઈ દેવજીભાઈ વેકરીયા ના સ્મરણાર્થે તેમના સ્વજનો શ્રી હરીશભાઈ રવજીભાઈ વેકરીયા અને સુરેશભાઈ ગોવિંદભાઈ વેકરીયાના હસ્તે રૂપિયા ૧૦૦૦૦૦ (એક લાખ) નું અનુદાન સંસ્થાના મેનેજર અરવિંદસિંહ ગોહિલને સુપ્રત કરેલ છે. સંસ્થા દ્વારા જે દાતાઓ ઓપરેશન માટે સહયોગ કરે છે તેમને દર્દીઓના ઓપરેશન થયેલા ફોટા, નામ ,સરનામા અને સંપર્ક નંબર સાથે રિપોર્ટ આપવામાં આવે છે .જે જોઈને દાતાઓને પણ પોતે આપેલા દાનનો સંતોષ મળતો હોય છે. અને આ સેવાકીય યજ્ઞ ને વેગ મળે છે.

જાયન્ટ્સ ગ્રુપ ઓફ ભુજ દ્વારા આયોજિત ભુજ ગ્રુપના સભ્યોના અનુદાન થી વિધાદાન એજ મહાદાન ને સાર્થક કરી વાલ્મીકિ સરકારી પ્રાથમિક શાળાના બાળકોને નોટબુક નું વિતરણ ભુજ ગ્રુપના હોદેદારો હસ્તે કરવામાં આવેલ. જેમાં ભુજ ગ્રુપના પ્રમુખ અશોકભાઇ માંડલિયા, ઉપ પ્રમુખ અભિલાષ મહેતા, આઈ.પી.પી અરૂણકુમાર જોશી, મંત્રી શૈલેષભાઈ વસા, સહમંત્રી બિપિનભાઈ ઠક્કર, ખજાનચી હરિલાલ યાદવ, ડાયરેક્ટર વિનોદભાઈ ચૌહાણ, નરસિંહભાઈ ગોગારી, વિનોદભાઈ ગોર, વિનોદભાઈ સલાટ, પી.કે. ચુડાસમા, જીતેન્દ્રભાઈ ચૌહાણ, મહેશભાઈ ચાવડા, તરૂણ ભાઈ કોઢીયા, ફેડ-ઉબી ના યુનિટ ડાયરેક્ટર હેમંતભાઈ ઠક્કર, પર્યાવરણ ઓફિસર જયસિંહ પરમાર, કુપોષણ/ એનેમિક પ્રોજેક્ટ ઓફિસર પ્રદિપ કુમાર જોષી , વાલ્મીકિ શાળાના આચાર્ય શ્રીમતી ધીરજબા વાઘેલા, રિટાર્યડ આચાર્ય જેરામભાઈ ગુંસાઈ, શિક્ષણવિદ્ (વાલી સમિતિ) જયદીપસિંહ જાડેજા, વાલ્મીકિ સમાજના ઉપ પ્રમુખ જગદીશભાઈ ચનાલ અને કાર્યક્રમ નું સંચાલન કરનાર ગિરીશભાઈ પરમાર ઉપસ્થિત રહી સહયોગ આપેલ.

સિને સૃષ્ટિ

એક્ટર પૂજા બેનર્જીને વિશ્વાસુએ છેતરતાં ઘર ગિરવે મુકવું પડ્યું

આંખો બંધ કરીને વિશ્વાસ કર્યો હોવાથી બધું ગુમાવવું પડ્યું

ટીવી એક્ટ્રેસ પૂજા બેનર્જી 'દેવોં કે દેવ મહાદેવ' સિરીયલમાં પાર્વતીના પાત્રથી ઘણી જાણીતી થઈ હતી. હાલ તે અને તેનો એક્ટર પતિ કુનાલ વર્મા એક મુશ્કેલ પિરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યા છે. તાજેતરમાં તેણે ખુલાસો કર્યો છે કે તે એક મોટી આર્થિક છેતરપિંડીનો ભોગ બની છે, તેઓ એટલી મુશ્કેલ સ્થિતિમાં છે કે તેમની બધી જ બચત પણ વપરાઈ ગઈ છે. એક બ્લોગમાં પૂજાએ આ વાત કરી હતી.

આ બ્લોગમાં પૂજાએ ખુબ ભાવુક થઈને કહ્યું કે છેલ્લાં કેટલાંક મહિના તેના જીવનનો સૌથી કપરો સમય રહ્યા છે. પૂજાએ કહ્યું કે અંતે તેને લાગ્યું કે આ વાત જાહેર કરવાનો હવે આ જ યોગ્ય સમય છે. મહત્વની વાત એ છે કે તેમણે જે કૌભાંડનો ખુલાસો કર્યો તે કોઈ અજાણ્યા નહીં પણ તેમનાં જ જાણીતા વ્યક્તિ દ્વારા કરવામાં આવ્યું, જેના પર તેમને ખુબ વિશ્વાસ હતો અને એ વ્યક્તિ છેલ્લા ત્રણ વર્ષથી તેમની સાથે ઘનિષ્ટ રીતે જોડાયેલી હતી.

પોતાનાં આંસુને મુશ્કેલીથી રોકતાં પૂજાએ કહ્યું કે તેઓ હજુ આઘાતમાં છે અને સ્વીકારવા મથી રહ્યાં છે કે તેમણે જે પૈસા ગુમાવ્યા છે તે ક્યારેય પાછા મેળવી શકશે નહીં. તેણે કહ્યું કે આ વાતની તેના પતિ કુનાલ પર બહુ ઊંડી અસર થઈ છે. પૂજાએ કહ્યું, "અમને આના વિશે વાત કરતાં ઘણો લાંબો સમય લાગી ગયો છે. અમે હજુ પણ ભાવુક થઈ જઈએ છીએ."

કુનાલ વર્માએ આ અંગે કહ્યું, "અમે કોઇના પર આંખ બંધ કરીને વિશ્વાસ કરી લીધો અને અમે બધું જ ગુમાવી દીધું." કુનાલે કહ્યું, તેમણે જે વ્યક્તિને પરિવાર જેવી માની તેણે જ તેમને તોડી નાખ્યા. તેમણે આ વાત પોતાના અંગત પરિવારથી પણ છુપાવવાની કોશિશ કરી. કુનાલનો દાવો છે કે જે વ્યક્તિએ તેમની સાથે છેતરપિંડી કરી છે તે તેમનો નજીકનો વ્યક્તિ હતો અને તેઓ બંને ત્રણ વર્ષથી તેના ઘરે પણ કેટલીક વખત ગયાં હતાં.

પૂજાએ આગળ ખુલાસો કર્યો કે તેમણે આ સ્થિતિને પહોંચી વળવા માટે પોતાનું ઘર પણ ગિરવે મુકવું પડ્યું છે. તેઓ હવે પોતાનું ઘર પણ ગુમાવી દે એ સ્થિતિમાં છે. તેમની એક જ ઇચ્છા છે કે તેમનાં બાળકે ઘરની છત ગુમાવવાનો વારો ન આવે. પોતાના છેલ્લા વ્લોગમાં પૂજા ઇચ્છાપૂર્તિ હનુમાનજીના મંદિર જતી પણ જોવા મળી હતી.

અખિલ કચ્છ મોહર્રમ અને તાજીયા કમિટીની બેઠક આવતીકાલે માંડવી મધ્યે રવિવારે યોજાશે

માંડવી તા. ૧૪

ઈન્સાનિયત અને સત્યતા માટે શહીદ થયેલા કરબલા નાં અમર શહીદો ની યાદ માં આવનાર મોહર્રમ નિમિત્તે એક ખાસ અગત્ય ની બેઠક અખિલ કચ્છ મોહર્રમ અને તાજીયા કમિટી નાં પ્રમુખશ્રી અને કચ્છ ની કોમીએકતા , સદભાવના નાં પ્રતીક એવા સૌના દુઆગીર પીર સૈયદ કૌશરઅલીશાહ હાજીમખદુમઅલી બાપુ નાં અધ્યક્ષસ્થાને રાખવામાં આવેલ છે. આવનાર માતમ (શોક) નાં પર્વ મોહર્રમ ને મનાવવા અને તેની ઉજવણી સંદર્ભે ની ચર્ચા-વિચારણા માટે આ બેઠક રાખવામાં આવેલ છે. આ બેઠક આવતી કાલે તા.૧૫/૦૬/૨૦૨૫ , રવિવારે માંડવી મધ્યે આવેલ પીર અબ્દુલ્લાહશાહ ઉર્ફે ઈટારાપીર દરગાહ નાં કમ્પાઉન્ડ , ભ્ડોરા હજીરા ની સામે , માંડવી મધ્યે સાંજે ૪:૦૦ વાગ્યે રાખવામાં આવેલ છે. જેમાં કચ્છભર નાં શહેરો અને ગામડાઓ નાં તાજીયા કમિટી નાં પ્રમુખો , વિવિધ માતામો નાં માતામીઓ , મજલિસ કમિટી નાં સભ્યો , સબીલે હુસૈન નાં સભ્યો , મોહર્રમ તેમજ તાજિયાઓ , સેજો , ઘોડાઓ , ઓસાણીઓ થી જોડાયેલા તમામ ભાઈઓ એ ખાસ ફરજીયાત બહોળી સંખ્યા માં હાજરી આપવા અખિલ કચ્છ મોહર્રમ અને તાજીયા કમિટી ની યાદી માં જણાવાયું હતું.

માંડવીના રોટલા કેન્દ્રને જેઠાલાલ ગડા દ્વારા દાન

જયેશ શાહ ધ્વારા માંડવી, તા.૧૪

સોમવાર તા. ૯/૬/૨૫ નાં રોજ મુળ ગામ ડુમરાનાં પણ માંડવી કચ્છ માં બાળપણ વિતાવીને મુંબઈ–વીલેપાર્લા માં કર્મ ભુમી બનાવીને અનેક લોક ઉપયોગી કાર્યો અને સંસ્થાઓ સાથે લાગણીશીલ સંબંધ રાખનાર એવા સ્વ. ભરત પ્રેમજીભાઈ કારાણીની સ્નેહભરી સ્મૃતિ માં સોમવારે મુંબઈનાં મિત્ર વર્તુળ દ્વારા રોટલા કેન્દ્ર ને રૂા. ૫૦૦૦/– અનુદાન આપેલ છે. આ દિવસે મુંબઈ માં વૃધ્ધાશ્રમમાં ગૌ શાળામાં મિત્રો દ્વારા ભોજન તથા ગૌ શાળામાં લીલો ચારો તથા મીષ્ઠાન આપવામાં આવશે.

માંડવીનાં શાખા ગ્રાઉન્ડ માં સંઘ પ્રવૃતિ સાથે બાળપણમાં હંમેશા ભરતભાઈ હસમુખા સ્વભાવ દ્વારા કાર્યશીલ રહ્યા હતાં.. જ્યારે મળે ત્યારે હંમેશા હસતો જ હોય. માંડવીમાં પણ સોમવારે ટીફીન સેવામાં મીષ્ઠાન આપવામાં આવેલ અને સ્વ. ભરતભાઈ કારાણી જ્યાં હોય ત્યાં હંમેશા હસતા રહે અને સર્વ મિત્રો પર આર્શીવાદ આપતા રહે એજ માંડવીનાં શ્રી જલારામ રોટલા કેન્દ્ર ની જીવદયા ની પ્રવૃતિની નોંધ મુંબઈનાં શ્રી દીલીપભાઈ જોખી (તારક મહેતાનાં ઉલ્ટા ચશ્મા સીરીયલનાં જેઠાલાલ) લેતા એમનાં જન્મ દિવસ નિમિતે રૂા. ૫૦૦૦/– નું અનુદાન મળેલ છે. દીલીપભાઈ જોખી ટીવીનાં અને ગુજરાતી નાટક ગૃહમાં પ્રસિધ્ધ અભીનેતા છે જેમના દ્વારા મુંબઈ અને અન્ય સેવાકીય સંસ્થામાં સહયોગ આપતાં હોય છે.. પરંતુ કચ્છનાં માંડવી શહેરમાં પણ નોંધ લઈને અનુદાન મોકલવા બદલ સંસ્થાનાં મુકેશ ત્રિવેદી અને રમેશ પટેલ, મુનીન્દ્ર વૈદ્યે આભાર વ્યકત કર્યો હતો. મુંબઈનાં દીનેશભાઈ શાહ દ્વારા દીલીપભાઈ જોખીને રોટલા કેન્દ્રની માહિતી આપવામાં આવી હતી.

દીપિકા બાદ સંદીપ રેડ્ડી વાંગાએ અલ્લુ અર્જુનને ફિલ્મમાંથી હટાવી દીધો ?

ચેન્નાઈ : થોડા દિવસ પહેલાં સંદીપ રેડ્ડી વાંગા પોતાની ફિલ્મ સ્પિરિટને લઈને ચર્ચામાં આવ્યાં હતાં. વાસ્તવમાં તેણે આ ફિલ્મમાંથી દીપિકા પદુકોણને બાકાત રાખી હતી, જેની પણ ઘણી ચર્ચા થઈ હતી. હવે અહેવાલ છે કે, સંદીપ રેડ્ડી વાંગાએ અલ્લુ અર્જુનને ફિલ્મમાંથી બહાર કરી દીધો છે. રિપોર્ટ્સ અનુસાર, આ ફિલ્મ પણ હાલ પૂરતી બંધ કરી દેવામાં આવી છે. ગયાં વર્ષે તેને અલ્લુ અર્જુને સાઈન કર્યો હતો. અલ્લુ અર્જુને ગયાં વર્ષે એનિમલ ડાયરેક્ટર સંદીપ રેડ્ડી વાંગા સાથે એક ફિલ્મ સાઈન કરી હતી. જો કે હવે આ ફિલ્મમાંથી અલ્લુ અર્જુનને હટાવી દેવામાં આવ્યો હોવાનો આંતરિક સૂત્રોનો દાવો છે. જો કે હજુ સુધી કોઇ સત્તાવાર નિવેદન સામે આવ્યું નથી. અહેવાલોમાં એવો દાવો પણ કરવામાં આવ્યો છે કે, આ ફિલ્મમાં અલ્લુ અર્જુનને બદલે જુનિયર એનટીઆરને હીરો તરીકે લેવામાં આવી શકે છે. રસપ્રદ વાત એ છે કે, આ ઘટના થોડા અઠવાડિયા પહેલાં બની હતી. જ્યારે સંદીપ રેડ્ડી વાંગાએ દીપિકા પદુકોણને પ્રભાસની સ્પિરિટમાંથી દૂર કરી દીધી હતી. અલ્લુ અર્જુનની વાત કરીએ તો તે જલ્દી જ એટલીની ફિલ્મમાં જોવા મળશે.

લોકપ્રિય વેબ સિરીઝ 'પંચાયત'ની ચોથી સિઝન આવશે ૨૪ જૂને

'પંચાયત' એ સૌથી લોકપ્રિય વેબ સિરીઝમાંની એક સિરીઝ છે, જેની દરેક સીઝનની દર્શકો આતુરતાથી રાહ જોતા હોય છે. ત્યારે હવે તેની નવી સીઝનની રિલીઝ ડેટ જાહેર કરી દેવાઈ છે. પંચાયતની ચોથી સીઝન ૨૪ જૂને રિલીઝ કરવામાં આવશે.

નવી સીઝન સાથે ફુલેરામાં નવી વાર્તા અને નવો માહોલ જોવા મળશે. એ જ ચહેરાઓ અને એ જ પાત્રો નવા પડકારો અને નવી રમુજ સાથે ફરી એ જ હુંફ અને લાગણીનો અનુભવ કરાવશે. આ સીઝનમાં પણ જિતેન્દ્ર કુમાર, નીના ગુપ્તાસ રઘુબીર યાદવ, ફૈઝલ મલિક, ચંદન રોય, સાન્વિકા, દુર્ગેશ કુમાર, સુનિતા રાજવાર અને પંકજ જહા મહત્વના પાત્રોમાં જોવા મળશે. આ સીઝનમાં સ્વાનંદ કિરકિરેનું નવું પાત્ર જોવાની પણ મજા આવશે. આ સિરીઝ એમેઝઓન પ્રાઇમ વીડિયો પર ૨૪ જૂનથી ૨૪૦ દેશોમાં જોઈ શકાશે.

આ સીઝનના ટ્રેલર પરથી અંદાજ આવે છે કે આ સીઝનમાં મંજુ દેવી અને ક્રાંતિ દેવી વચ્ચે યુદ્ધ ફાટી નીકળશે અને તેનાથી દર્શકોને વધુ મજા અને મનોરંજન મળશે. બંને પક્ષ ચૂંટણીમાં એકબીજાને માત આપવા તૈયાર છે, બંનેના ચોટદાર સૂત્રો લખાઈ રહ્યાં છે અને એકબીજાના મુલ્યો અને વચનો પર મરી મસાલા ભભરાવવા તૈયાર છે. સાથે જ આ વખતની સીઝનમાં બંને પક્ષોના મજાના ચૂંટણી ગીતો સાંભળવાની પણ મજા આવશે. આ વખતની સીઝનની મહત્વની વાત એ છે કે આ વખતે રિલીઝ ડેટ દર્શકોએ તૈયાર કરી છે. સિરીઝની ટીમ દ્વારા દર્શકો પાસે રિલીઝ ડેટ માટેના મત માગવામાં આવ્યા હતાં, જેમાં ૬.૫ મિલિયન વોટ મળ્યા હતા. તેના કારણે આ સિરીઝની રિલીઝ ડેટ વહેલી કરી દેવામાં આવી છે. આ સીઝન વિશે નીના ગુપ્તાએ કહ્યું, "મંજુ દેવીનાં પાત્રથી મને ઘણો સંતોષ થયો છે. કારણ કે તે આજે સૌથી વધુ લોકપ્રિય પાત્રોમાંનું એક બની ગયું છે, તેને લોકોનો ઘણો પ્રેમ મળ્યો છે. આ બધી સીઝનમાં આ પાત્રની એક સફર રહી છે, જેમાં બહુ મજા આવી છે, ચોથી સીઝનમાં નવા ટવિસ્ટ્સ જોવા મળશે, તેનાથી પાત્ર વધુ રસપ્રદ બનશે. આ વખતે દર્શકોને જે સરપ્રાઇઝ મળવાની છે, એમાં મજા આવી જવાની છે."

અમદાવાદની વીમાનની દુર્ઘટનામાં અવસાન પામેલાઓને શ્રદ્ધાંજલિ અપાઈ

ભુજ તા. ૧૪

વિમાની દુર્ઘટનામાં અવસાન પામેલા નામી અનામીઓને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી તેમજ ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના પણ અવસાન બદલ ભુજની સત્યમ સંસ્થા અને તાનારીરી મહિલા મંડળ દ્વારા આજથીત્રણ દિવસ લગી શ્રદ્ધાંજલિ ના ભાગરૂપે ગાયોને ઘાસચારો,પંખીને ચણ, અને શ્વાનોને બિસ્કીટ રોટલા અપાશે આ ઉપરાંત હોસ્પિટલની આસપાસ બાળકોને અને નાના મોટા સૌને છાશ પાણીનું વિતરણ શ્રદ્ધાંજલિ રૂપે અપાશે અમદાવાદમાં જ્યાં ઘટના બની ત્યાં ગાયો, પક્ષી શ્વાન,વગેરે પણ મૃત્યુ પામ્યા હશે તેમની યાદમાં શ્રદ્ધાંજલિ રૂપે આ કાર્યો કરવામાં આવે છે સત્યમ સંસ્થા અને તાનારીરી મહિલા મંડળ દ્વારા શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી જેમાં સત્યમ સંસ્થાના અધ્યક્ષ દર્શક ભાઈ અંતાણી, નર્મદાબેન ગામોટ,મનજીભાઈ ગામોટ,નરેન્દ્ર ભાઈ સ્વાદિયા, તેમજ રાજુલાબેન શાહ, અંકિતાબેન ધોકાઈ, જટુભાઈ ડુડીયા, ઘનશ્યામભાઈ લાખાણી, શિવાંગભાઈ અંતાણી, કાર્તિકભાઈ અંતાણી, નયનભાઈ શુક્લ,લોક સેવા સાર્વજનિક ટ્રસ્ટના હેમેન્દ્રભાઈ જણસારી, તેમજ દર્શનભાઈ જનાર્દનભાઈ વૈષ્ણવ ,(અમદાવાદ ભુજ)વગેરે શ્રદ્ધાંજલિ પાઠવી હતી અને મૃતકોનીની યાદમાં તેમજ આ વિમાની અકસ્માતમાં ગાયો, શ્વાનો અને પક્ષી પણ મૃત્યુ પામ્યા હશે તેની યાદમાં સેવા કાર્ય કરવામાં આવશે ઉપરાંત ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના પણ અવસાન બદલ સંસ્થાએ બે મિનિટ મૌન પાડીને શ્રદ્ધાંજલિ અપાઈ હતી,

ઈન્દોરના રાજા રઘુવંશીની હત્યા ચોથા પ્રયાસમાં થઈ હતી: મેઘાલય પોલીસ

અગાઉના ત્રણ પ્રયાસો મેઘાલયમાં જ થયા હોવાનો પોલીસનો દાવો

નવી દિલ્હી તા. ૧૪

ઈન્દોરના બિઝનેસમેન રાજા રઘુવંશીને હત્યાને શુક્રવારે દસ દિવસ થઈ ચુક્યા છે. આ હત્યાકાંડમાં સામેલ તમામ આરોપીઓની ધરપકડ પણ થઈ ગઈ છે. આ દરમિયાન મેઘાલય પોલીસે શુક્રવારે એક મોટો ખુલાસો કર્યો છે. તેણે જણાવ્યું છે કે રાજા રઘુવંશીની હત્યા આરોપીઓ દ્વારા ચોથા પ્રયાસમાં કરવામાં આવી હતી. જેમાં રાજાની પત્ની સોનમ પણ સામેલ હતી.

ઈસ્ટ ખાસી હિલ્સના પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ વિવેક સિમે ઉમેર્યું કે, રાજાની હત્યાનો પ્રથમ પ્રયાસ ગુવાહાટીમાં કરવામાં આવ્યો હતો, ત્યાર પછી સોહરામાં બે વાર હત્યાના પ્રયાસ કરવામાં આવ્યા હતા. આ પ્રયાસો નિષ્ફળ રહ્યા અને છેવટે વેઇસાડોંગમાં હત્યા કરવામાં આવી હતી. પોલીસ સુપરિટેન્ડેન્ટ સ્પષ્ટ કર્યું

કે એ(આરોપીઓ) રાજાને કેટલીયે જગ્યાએ ખતમ કરવા ઈચ્છતા હતા. હું તમને જણાવું છું કે રાજાને ગુવાહાટીમાં મારવા ઈચ્છતા હતા, પરંતુ આરોપીઓ આવું કરી શક્યા નહીં. એ રાજાને નોંગ્રિયાટમાં ખતમ કરવા ઈચ્છતા હતા, પરંતુ આરોપીઓને મૃતદેહ છુપાવવા માટે કોઈ જગ્યા મળી નહીં, એ માવલખિયાટ અને વેઇસાડોંગની વચ્ચે પણ રાજાને મારવા ઈચ્છતા હતા, એ વખતે રાજા પેશાબ કરવા ગયા હતો, પરંતુ અહીં પણ આરોપીઓ સફળ થયા નહીં અને છેવટે રાજાની વેઇસાડોગમાં હત્યા કરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે રાજા રઘુવંશી અને તેમની પત્ની સોનમ ૨૩મી મેએ મેઘાલયમાં પોતાના હનીમૂન દરમિયાન લાપતા થઈ ગયા હતા. રાજાનો મૃતદેહ બીજી જૂને પૂર્વ ખાસી હિસ્સા જિલ્લાના સોહરા વિસ્તાર(ચેરાપૂંજી ક્ષેત્ર)માં એક ઝરણાની પાસે ઊંડી ખીણમાંથી મળી આવ્યો હતો.ઈન્દોરના બહુચર્ચિત રાજા રઘુવંશી હત્યાકાંડ મામલામાં શુક્રવારે રાજા અને સોનમ રઘુવંશીના પરિવારજનો ઉજ્જૈન પહોંચ્યા અને રાજાનું પિંડદાન કર્યું હતું. આ નિમિત્તે સોનમનો ભાઈ ગોવિંદ પણ હાજર રહ્યો હતો. ગોવિંદે પણ પંડિતના કહેવા પ્રમાણે રાજાના પિંડદાનમાં તર્પણ કર્યું હતું. ગોવિંદે મીડિયા સાથે વાતચીત કરતી વખતે સોનમ અને રાજના પ્રેમસંબંધને લઈને કહ્યું કે આ અંગે ખબર ન હતી પરંતુ જો બહેનના અફેયરની ખબર હોત લગ્ન કરાવી દીધા હોત. ઉલ્લેખનીય છે કે રાજા રઘુવંશીની હત્યાને શુક્રવારે ૧૦ દિવસ થઈ ચુક્યા છે. સનાતન પરંપરા મુજબ પરિવારે રાજાની દસમી તિથિ મનાવીને ક્ષિપ્રા નદીના ઘાટ પર પિંડદાન કર્યું હતું.

શ્રીજી એસ્ટેટ એજન્સી

હિતેશ રૂપારેલ
મો. ૯૯૭૯૩ ૨૭૦૦૫
ગાંધીધામ-આદિપુર વિસ્તારમાં મકાન, દુકાન, ઓફિસ, પ્લોટ, ગોડાઉન લે-વેચ તથા ભાડે મેળવવા માટે સંપર્ક કરો.

ઓફિસ દુકાન નં. ૨, પ્લોટ નં. ૩૦૬, ૧૨/બી હરિકૃપા કોમ્પ્લેક્ષ, સોની સમાજવાડી સામે, ગાંધીધામ-કચ્છ.

કચ્છીઓનું કચ્છ માટે પ્રગટ થતું પોતાનું દૈનિક

વાવડ

તંત્રી : રામ કરશનદાસ ઠક્કર • કાર્યકારી તંત્રી દર્શનકુમાર આર. ઠક્કર

તમામ પ્રકારની રિવોલ્વીંગ ચેરના સમારકામ માટે ભરોસાપાત્ર સ્થળ...

એચ.આર. ફર્નિચર માર્ટ

પાંજરાપોળ શેરીની સામે વાણિયાવાડ રોડ, ભુજ-કચ્છ.
સુનિલ પરમાર મો. ૮૪૬૯૬ ૮૦૬૪૯

રાપર પીજીવીસીએલ દ્વારા ચોમાસાને લઈને કામગીરી હાથ ધરાઈ

ભુજ તા. ૧૪

આગામી દિવસોમાં શરૂ થનાર વરસાદ ની સિઝન ને અનુલક્ષીને વિજ વિક્ષેપ ન સર્જાય તે માટે પીજીવીસીએલ દ્વારા વિવિધ કામગીરી હાથ ધરવામાં આવી છે તે અન્વયે વાગડ વિસ્તારના રાપર શહેર તથા રાપર પીજીવીસીએલ દ્વારા ચોમાસા ને અનુલક્ષીને કામગીરી હાથ ધરવામાં આવી છે પીજીવીસીએલ ના એમ.ડી કે.પી.જોશી અધિક્ષક ઈજનેર શ્રી ચૌધરી .કાર્યપાલક ઈજનેર શ્રી ચૌહાણ ના માર્ગદર્શન હેઠળ રાપર પીજીવીસીએલ ના નાયબ કાર્યપાલક ઈજનેર એ.બી પ્રજાપતિ જુનિયર ઈજનેર શ્રી પટેલ તથા જુનિયર ઈજનેર બાંભણીયા ના વડપણ હેઠળ કામગીરી કરવામાં આવી છે આ અંગે નાયબ કાર્યપાલક ઈજનેર એ.બી પ્રજાપતિ એ એક મુલાકાતમાં જણાવ્યું હતું કે રાપર શહેર ના પીજીવીસીએલ કચેરી થી દેના બેક ચોક આથમણા નાકા વિસ્તાર એસટી બસ સ્ટેન્ડ થી ત્રંબૌ ચોકડી સહિત ના વિવિધ વિસ્તારોમાં વિજ વાયર માટે વિક્ષેપ કરતા ઝાડ ની ડાળીઓ ને દુર કરવા મા આવી હતી તો રાપર શહેર ના વિવિધ વિસ્તારોમાં ડીપી પર કામગીરી હાથ ધરવામાં આવી છે જેમાં વિજ વાયર ટ્રાન્સફોર્મર દુરસ્તી સહિત ની કામગીરી હાથ ધરવામાં આવી છે વધુ મા નાકાઈ શ્રી પ્રજાપતિ એ જણાવ્યું હતું કે આગામી દિવસોમાં શરૂ થનાર વરસાદ ની સિઝન ને અનુલક્ષીને વિજ વિક્ષેપ ન સર્જાય તે માટે આજે પીજીવીસીએલ ના સ્ટાફ દ્વારા રાપર શહેર તથા રાપર ૬૬ કેવી સબ સ્ટેશન હેઠળના વિસ્તારમાં ચોમાસા ને લગતી કામગીરી હાથ ધરવામાં આવી હતી જેથી ચોમાસા દરમિયાન વિજ પુરવઠો ખોરવાઈ ન જાય તે માટે પીજીવીસીએલ દ્વારા બનતી કામગીરી કરવામાં આવી હતી

પીજીવીસીએલ રાપર દ્વારા વીજ ગ્રાહકો ની સાતત્યપૂર્ણ સુવિધા સારું આજ રોજ પ્રિ મોન્સુન ની માસ મેન્ટેનન્સ ની કામગીરી કરવામાં આવેલ છે જેમાં રાપર સીટી ફીડર, વંદે ફીડર માં આઠ ટ્રાન્સફોર્મર ની ક્ષમતા વધારી બદલાવેલ છે , ટ્રી કટીંગ કરાવેલ છે, ટ્રાન્સફોર્મર તથા લાઈન ના મેન્ટેનન્સ, બદલાવવા જેવા વાયર , પીન, ડિસ્ક ની કામગીરી હાથ ધરેલ છે, સાવલા હોસ્પિટલ, સહયોગ હોસ્પિટલ તથા બસ સ્ટેન્ડ આગળ ગાર્ડિંગ કરાવેલ છે . આમ આજ રોજ ૬૬ કેવી સબસ્ટેશન નું પણ પ્રિ મોન્સુન ની કામગીરી કરાવી ચોમાસા પહેલાં ની પૂર્વ તૈયારી કરેલ છે

માંડવી તાલુકાના ભારાપર પાસે ૩ મહિનાથી ચાલતા પુલિયાનું કામ ક્યારે પુરો થશે ?

જયેશ શાહ ધ્વારા માંડવી, તા.૧૪

માંડવી તાલુકાના ભારાપર ગામે મહાદેવના મંદિરની બાજુમાં પાપડી પુલનું કામ ત્રણ માસ અગાઉથી ચાલુ કરવામાં આવેલ છે. મંદ ગતિએ ચાલતા આ કામમાં મોટો ખાડો કરવામાં આવેલ હોઈ વરસાદની સીઝનમાં મોટી સમસ્યા ઉભી થવાની ભીતી અહીંના રહેવાસીઓએ માંડવી મામલતદાર વિનોદભાઈ ગોકલાણીને આવેદનપત્ર પાઠવી જણાવેલ છે.

ગ્રામજનોએ મામલતદારને આપ્યું આવેદન પત્ર

ઉપરોકત આવેદનપત્ર પ્રવિણભાઈ પટેલ, વલ્લભભાઈ વેલાણી, કલ્પેશભાઈ, પ્રતાપભાઈ, નવીનભાઈ, લખમશીભાઈ, મનોજભાઈ, હરેશભાઈ, વિગેરેએ આપેલ જેમાં જણાવેલ કે, આ કામ ચાલુ થયાને આશરે ત્રણ મહિનાથી વિશેષ સમય થયેલ છે, પરંતુ આજ દિવસ સુધી કામ પુરૂં થયેલ નથી જેના કારણે અવર જવરમાં સમસ્યા થાય છે, દિવસા દિવસ આ પુલની હાલત અતિ ગંભીર થતી જાય છે, હાલે રસ્તો એક માર્ગીય કરી નાખેલ છે. જેના કારણે આ એક અકસ્માત ઝોન બની ગયેલ છે.

ઉપરોકત પુલની બાજુમાં મહાદેવનું મંદિર આવેલ છે. જેથી ત્યાં અવર–જવર વધારે હોય છે. ભવિષ્યમાં વરસાદ પડવાથી અહીં પાણી ભરાય તેવી શકયતા છે. જેથી તાત્કાલિક આ કામ પુર્ણ કરવામાં આવે. તેમજ નાના બાળકો આ ચાલતા કામની બાજુના ભાગમાં અભ્યાસ કરે છે તે પણ ચિંતાનો વિષય બનેલ છે.

ભુજમાં સવારે ૭થી બપોરે ૨ સુધી વીજ પુરવઠો બંધ રહેતા લોકો ગરમીમાં સેકાયા

ભુજ તા. ૧૪

કચ્છ જિલ્લામાં ચોમાસાની પૂર્વ તૈયારીના ભાગરૂપે વિજ તંત્ર દ્વારા આજે વ્યાપક સમારકામ હાથ ધરવામાં આવ્યું છે. ગેટકો અને પીજીવીસીએલ વિભાગ દ્વારા હાઇવે સિવાયના રહેણાંક વિસ્તારોમાં સવારે ૭થી બપોરે ૨ વાગ્યા સુધી વિજ પુરવઠો બંધ રાખવામાં આવ્યો છે.ભુજ શહેરમાં ગેટકો દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. શહેરના વિભાગ-૧માં ૪થી ૫ ટીમો દ્વારા સમારકામની કામગીરી કરવામાં આવી રહી છે. વિજ અધિકારી ધર્મેન્દ્રસિંહ જાડેજાએ જણાવ્યા મુજબ આ કામગીરી બપોર સુધી ચાલુ રહેશે.

કચ્છમાં નશાનો કારોબાર પૂરબહારમાં ખિલ્યો

શિકારપુર નજીક હોટેલ સંચાલક ૨.૬૯ લાખના માદક પદાર્થ સાથે પકડાયો

(કાઈમ રીપોર્ટર) ભુજ ભચાઉ તાલુકાના સામખિયાળીથી મોરબી બાજુ જતા ધોરીમાર્ગ પાસે શિકારપુરની સીમમાં આવેલી એક હોટેલમાં પૂર્વ કચ્છ એસ.ઓ.જી.એ છાપો મારી અહીંથી રૂા. ૨,૫૦,૦૦૦ના હેરોઇન તથા રૂા. ૧૯,૦૦૦ના અફીણ સાથે હોટેલના સંચાલકને પકડી પાડયો હતો. સામખિયાળીથી મોરબી જતા ધોરીમાર્ગ પાસે ડાબી બાજુ શિકારપુરની સીમમાં આવેલી અનમોલ પટ્ટી (તરનતારન) નામની હોટલમાં માદક પદાર્થનું વેચાણ થતું હોવાની પૂર્વ બાતમીના આધારે પૂર્વ કચ્છ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે કાર્યવાહી કરી હતી. અનમોલ પટ્ટી નામની હોટેલના કાઉન્ટર પર હાજર રહેલા પંજાબ તરનતારનના હરકેનસિંઘ ઇન્દ્રજિતસિંઘ ખેરા નામના શખ્સને પકડી પાડી તેની તલાશી લેવામાં આવી હતી. તેની પેન્ટના ખિસ્સામાંથી પ્લાસ્ટિકની પારદર્શક કોથળી મળી આવી હતી, જેમાં આધારકાર્ડ, ચૂંટણીકાર્ડ તથા પ્લાસ્ટિકની કોથળીમાં આછા ભુરા રંગના ગાંગડા તથા નાની કોથળીમાં ઘેરા ભુરા રંગનું દ્રવ્ય મળી આવ્યું હતું. પકડાયેલા શખ્સે આછો ભુરો ગાંગડો હેરોઈન તથા ઘેરા ભુરા રંગનું દ્રવ્ય અફીણ હોવાનું કહ્યું હતું. દરમ્યાન મોડી રાત્રે એફ.એસ.એલ. અધિકારીને બોલાવાયા હતા. આ અધિકારીએ પોતાની પાસે રહેલી કિટ વડે પૃથક્કરણ કરતાં પ્રાથમિક તપાસમાં આ માલ હેરોઈન અને અફીણ જ હોવાનું બહાર આવ્યું હતું. પકડાયેલા હરકેનસિંઘ નામના શખ્સે દેવરાજસિંહ અજિતસિંહ ગોહિલ તથા રફીક હાજી ત્રાયા પાસેથી હોટેલ ભાડે લઇ તા. ૧-૧૧-૨૦૨૪થી ચલાવે છે અને છેલ્લા બે-એક મહિનાથી અહીં માદક પદાર્થ વેચતો હોવાનું પ્રાથમિક તપાસ દરમ્યાન બહાર આવ્યું હતું.

મોંઘા એવા હેરોઈનને નાની પડીકીઓમાં બાંધી ડ્રાઇવર વગેરે પોતાના ગ્રાહકોને વેચતો હતો.પકડાયેલા આ શખ્સ પાસેથી રૂા. ૨,૫૦,૦૦૦નું પાંચ ગ્રામ હેરોઈન તથા રૂા. ૧૯,૦૦૦નું ૧૯ ગ્રામ અફીણ, વજન કાંટો, કાઉન્ટરમાંથી રોકડ રૂા. ૮૪,૦૦૦, આધારકાર્ડ, ચૂંટણીકાર્ડ, મોબાઇલ વગેરે મળીને કુલ રૂા. ૩,૫૮,૦૦૦નો મુદ્દામાલ હસ્તગત કરવામાં આવ્યો હતો. થોડા મહિના અગાઉ તેની સામેની એક હોટેલમાંથી પણ માદક પદાર્થ ઝડપાયો હતો. આ શખ્સે મોંઘા પ્રકારનો આ માદક પદાર્થ ક્યાંથી મેળવ્યો હશે. તે સહિતની આગળની વધુ તપાસ પોલીસે હાથ ધરી છે.

આ કાર્યવાહીમાં એસ.ઓ.જી. ઇન્ચાર્જ પી.આઇ. વી.પી. આહીર, સામખિયાળી પી.એસ. આઇ. કે.જે. વાઢેર, એસ.ઓ.જી. સ્ટાફ પુંજાભાઇ ચાડ, અશોક ચૌધરી, આશિષ ભટ્ટ, વિશ્વજિતસિંહ, સુનીલ માતંગ, હેમુભાઇ પઢેરિયા, ઇન્દ્રાબેન જોશી, શ્રિયાબેન મારૂ વગેરે જોડાયા હતા.

કચ્છમાં થયેલી અલગ અલગ હત્યાના કેસમાં આરોપી પકડાયા

(કાઈમ રીપોર્ટર) ભુજ

નાણાંની લેતી-દેતી અને જૂની અદાવતના પગલે ભુજના ચિંતન કોશરભાઈ ગોર (ઉ.વ. ૩૬) નામના યુવાનની જખણિયા નજીક છરીના ઘા મારી કરપીણ હત્યા કરનારા તેના જ કૌટુંબિક મામા જિગર દીપકભાઈ ગોર તેમજ જિગરના સાળા જય દીપકભાઈ ગોરની પશ્ચિમ કચ્છ પોલીસની સ્થાનિક ગુનાશોધક શાખાએ માધાપર ખાતેથી ઝડપી પાડયા હતા.

બીજીબાજુ લખપત તાલુકાના પીપરીની યુવતીનું ખૂન કરનારો આરોપી ઈભરામ ઉર્ફે ઈબ્રાહીમ ગુલામ જતને પણ વાયોર પોલીસે પકડી પાડયો હતો.

પોલીસે આપેલી વિગતો મુજબ, હત્યા નીપજાવનારા આરોપીઓને પકડવા પોલીસ તપાસમાં હતી, દરમિયાન, હેડ કોન્સ્ટેબલ મયૂરધ્વજસિંહ જાડેજાને મળેલી બાતમીના આધારે હાથ ધરાયેલી કાર્યવાહીમાં જિગર અને જયને પોલીસે માધાપરથી પકડી પાડયા હતા અને આગળની તપાસ અર્થે કોડાય પોલીસ મથકને સોંપાયા હતા. આ કાર્યવાહીમાં એલસીબીના ઈન્ચાર્જ પીઆઈ એચ. આર. જેઠીના માર્ગદર્શનમાં પીએસઆઈ જે.બી. જાદવ, એસએસઆઈ નીલેશભાઈ ભટ્ટ, પંકજભાઈ કુશવાહ, અનિરુદ્ધસિંહ રાઠોડ, હેડ કોન્સ. ધર્મેન્દ્રભાઈ રાવલ, શક્તિદાન ગઢવી, રણજિતસિંહ જાડેજા, નવીનભાઈ જોશી અને રાજેન્દ્રસિંહ રાઠોડ સહિતનો સ્ટાફ જોડાયો હતો.

અન્ય એક ખૂનનો બનાવ લખપત તાલુકામાં બન્યો હતો. પીપરી ગામની ૨૦ વર્ષીય યુવતી અમીનાબાઈની તેના જ કાકા ઈભરામ ઉર્ફે ઈબ્રાહીમ ગુલામ જતે ગળું દબાવી હત્યા નીપજાવી હતી. બનાવ બાદ નાસી છૂટેલા આરોપીની પોલીસે તપાસ આદરી હતી. દરમિયાન, એએસઆઈ રવીન્દ્રસિંહ સોઢાને મળેલી પૂર્વ બાતમીના આધારે હાથ ધરાયેલી કાર્યવાહીમાં ઈબ્રાહીમને મોટી બેર ગામની સીમમાંથી ઝડપી પડાયો હતો. આ કામગીરીમાં વાયોર પોલીસ મથકના ઈન્ચાર્જ પીઆઈ કે.વી. ડાંગરના માર્ગદર્શન હેઠળ એએસઆઈ ડાયાભાઈ ગઢવી, હેડ કોન્સ. ભરતભાઈ ચાવડા, અનકભાઈ ભુકણ, કોન્સ. વિક્રમભાઈ ચૌધરી, ઓમદેવસિંહ રાણા, મહિપાલસિંહ જાડેજા તથા આશિષભાઈ દેસાઈ સહિતનો સ્ટાફ જોડાયો હતો.

માંડવી-ગાંધીધામ ધોરીમાર્ગ પર રતાડિયા પાસે પામ ઓઈલ ચોરતી ટોળકી પકડાઈ

ભુજ

માંડવી-ગાંધીધામ ધોરીમાર્ગ પર રતાડિયા ગામ તરફ જતા માર્ગ પર પ્રાગપર પોલીસ મથક હદ વિસ્તારમાં પામ ઓઈલની ચોરી કરનારી ટોળકીના અનવર મામદ સંધી અને માધાભાઈ મંગરાભાઈ ભરવાડને પશ્ચિમ કચ્છ પોલીસે ઝડપી પાડી તેમની પાસેથી કિં. રૂા. ૫૧,૦૦૦નો ૫૧૦ લિટર પામ ઓઈલનો જથ્થો તથા બે મોબાઈલ નંગ-૨ કિં. રૂા. ૧૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૬૧,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો, જ્યારે અન્ય આરોપી જુસબ હુસેનભાઈ કકલ નાસી છૂટયો હતો. પોલીસે આપેલી વિગતો મુજબ, પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે હાથ ધરાયેલી કાર્યવાહીમાં માંડવી-ગાંધીધામ ધોરીમાર્ગ પર પ્રાગપર પોલીસ મથકની હદમાં આવેલા ગુંદાલા ગામની સીમમાં રતાડિયા ગામ તરફ જતા ચાર રસ્તાની નજીક આવેલા એસ.આર. પેટ્રોલપંપની બાજુમાં સિમેન્ટના પતરાંવાળી ઓરડી ભાડે કૃત્ય આચરતા અનવર અને માધાભાઈને પોલીસે ઝડપી લીધા હતા. આ ચોર ટોળકી ઓરડી ભાડે રાખી ધોરીમાર્ગ પર પસાર થતા જુદા-જુદા પામ ઓઈલના ટેકરોમાંથી તેલની ચોરી કરી કેરબામાં સંગ્રહ કરી પોતાના કબજાની ઓરડીમાં રાખી ગેરકાયદે વેચાણ કરતા હતા. પોલીસે આરોપીઓને ઝડપી પાડી તેમની પાસેથી રૂા. ૫૧,૦૦૦ની કિંમતનું ૫૧૦ લિટર પામઓઈલ તથા બે મોબાઈલ કિં. રૂા. ૧૦,૦૦૦ મળી કુલ રૂા. ૬૧,૦૦૦નો મુદ્દામાલ કબજે કરી આરોપીઓને પ્રાગપર પોલીસ મથકને સોંપ્યો હતો.

ગાંધીધામ પંથકમાં બે જગ્યાએ દારૂ પકડાયો

(કાઈમ રીપોર્ટર) ભુજ

ગાંધીધામ શહેરના ગણેશનગર સેક્ટર-૬ વિસ્તારમાં એક દુકાનમાંથી રૂા. ૧,૬૫,૧૨૦ના શરાબ સાથે શખ્સને પોલીસે પકડી પાડયો હતો. દારૂ આપનારા મુંદરાના શખ્સનું નામ બહાર આવ્યું હતું. બીજી બાજુ અંતરજાળ નજીક શિણાયની સીમમાં આવતા પેટ્રોલપંપ પાસે એક શખ્સ પાસેથી રૂા. ૩૦૦૦ની વિદેશ બનાવટની બોટલ પોલીસે જપ્ત કરી હતી, પરંતુ આ વિદેશી દારૂ ક્યાંથી આવ્યો તે બહાર આવ્યું નથી.

શહેરના સેક્ટર-૬માં આશાપુરા એન્ટરપ્રાઈઝ નામની દુકાનમાં દારૂ વેચાતો હોવાની પૂર્વ બાતમીના આધારે પોલીસે અહીં દરોડો પાડયો હતો. દારૂ વેચતા શૈલેશ અર્જુન કન્નર (મહેશ્વરી)ને પણ પકડી પાડી સાથે રાખી દુકાનની તલાશી લેતાં દારૂ નીકળી પડયો હતો. અહીંથી બેગ પાઈપર ૭૫૦ એમએલની ૩૩, મેકડોવેલ્સની ૬૦ બોટલ, ઓલ્ડ સ્પીચ ૩૭૫ એમએલના ૬૯ ક્વાર્ટરિયા, ટુબર્ગ બિયરના ૭૨ તથા કિંગફિશરના ૪૮ ટીન એમ કુલ રૂા. ૧,૬૫,૧૨૦નો શરાબ હસ્તગત કરાયો હતો. તેણે આ દારૂ મુંદરાના પ્રવીણ સીજુ (મહેશ્વરી) પાસેથી લીધો હોવાનું બહાર આવ્યું હતું.

અંતરજાળ-શિણાય વચ્ચે નાયરા પેટ્રોલપંપ નજીકથી રવેચી નગર અંતરજાળના કુલદીપસિંહ જયેન્દ્રસિંહ ઝાલાને પોલીસે પકડી પાડયો હતો. આ શખ્સ અહીં કોઈને દારૂ આપવા આવતો હોવાની પૂર્વ બાતમીના આધારે વોચ ગોઠવી તેને પકડી લેવાયો હતો. તેના કબજાના મોપેડ નંબર જીજે-૩૯-ઇ-૫૫૭૦માંથી સ્કોટલેન્ડ બનાવટની ૧ લિટરની બોટલ કટીસાર્ક કિંમત રૂા. ૩૦૦૦નો દારૂ જપ્ત કરાયો હતો. ગાંધીધામ, આદિપુર આસપાસ આવેલી અમુક લીકર શોપમાંથી બેફામ, બેખૌફ બારોબાર દારૂ વેચાતો હોવાના આક્ષેપ થતા રહ્યા છે, પરંતુ ક્યારેય આવા શોપ વિરુદ્ધ પોલીસે કાર્યવાહી કરી નથી, તેવામાં આ શખ્સે ક્યાંથી વિદેશી બનાવટનો દારૂ મેળવ્યો તે બહાર ન આવતાં અનેક તર્ક-વિતર્ક વહેતા થયા હતા.

ગાંધીધામ-જોધપુર એક્સપ્રેસમાં વધારાના છ કોચ જોડાયા

ભુજ

કચ્છથી રાજસ્થાન વચ્ચે દોડતી ગાંધીધામ-જોધપુર ટ્રેનમાં ચાર એસી કોચ સહિત વધારાના છ કોચ કાયમી ધોરણે જોડવામાં આવ્યા છે. આ સુવિધાથી પ્રતીક્ષા યાદીમાં મહત્તમ ઘટાડો થશે. રેલવે દ્વારા જારી કરાયેલી અખબારી યાદીમાં જણાવ્યા પ્રમાણે પ્રવાસીઓની સુવિધાને ધ્યાનમાં રાખીને ગાંધીધામ જોધપુર (૨૨૪૮૪-૨૨૪૮૩)માં વધારાના કોચ ઉમેરવામાં આવ્યા છે. તા. ૧૪ જૂને ગાંધીધામથી એક સેકન્ડ એસી, એક થર્ડ એસી, બે થર્ડ એસી ઈકોનોમિક અને બે સ્લીપર કોચ સહિત વધારાના છ કોચ ઉમેરવામાં આવ્યા છે.

Paschim Gujarat Vij Co. Ltd.
Circle Office, Hospital Road, Bhuj.
Customer Care Toll Free No:
1800 233 155333 & 19122
PGVCL

http://guj-epd.gov.in www.pgvcl.com

Tender No.681

The Superintending Engineer, Circle office, Bhuj invites tender for the work of "Supply of unskilled labor on annual rate contract basis for cleaning of various offices under Bhuj Circle office."

For which interested parties may visit website www.gem.gov.in (for view, download & online submission) & PGVCL website https://tender.guvnl.com (for view Tender Notice & download only) as per tender condition. Bidders are requested to remain in touch with the website for any amendment if any till closing of tender.

- Superintending Engineer.